એક જરથોસ્તીએ પોતાની જીંદગી કેમ ગુજારવી.

અશેમે જરને દ્રુજે
અહુરમજદ માટે.

લખનાર

નશરવાનજી ફરામજી બીલીમોરીયા

ખુલાસો.

આ રેસાલો મી૰ દીનશાહ મેહરવાન ઈરાની, જેઓ જરથોસ્તી ધર્મની ઉન્નતી માટે અંતઃકરણથી ઉમદા સેવા બજાવે છે, તેમની ફરમાસથી આવ્યો છે, અને તે બઝમે જશને રૂઝે આ મંડળીની પુંજીમાથી તેના સ્થાપક શેઠ મેહરવાન ઈરાનીએ છપાવી પ્રગટ કીધો છે લખાવનારની અને લખનારની નેમ માત્ર એજ છે કે, જરથોસ્તીઓમાં "અહુરમજદની નજદીક પોહોંચવામાં" આ જાતના અદના લખાણથી કોઇનેબી કોઇ એક કતરો મદદ મળે.

મુંબઈ:
તા. ૨૫ મી આગસ્ટ ૧૯૦૨. }

ન૰ ફ૰ બી૰

અહુર

એક જરથોશ્તીએ પોતાની જીંદગી કેમ ગુજારવી.

“અએવો પથાઓ યો અષહે: વિસ્પે અન્યેશામ્ અપંથામ્.”

પ્રસ્તાવના.



જરથોશ્તી તરીકા મુજબ માણુસે સંસારમાં રહી ધર્મી જીંદગી ગુજારવાની છે. માત્ર સંસારમાં રહેવું અને ધર્મથી બેદરકાર રહેવું, એ હેવાન્યત કરતાં ઘણી ઉંચી જીંદગી કહેવાય નહી; પણ સંસારમાં રહીને ધર્મી જીંદગી ગુજારવાથીજ માનવી મીનોઈ જ્ઞાન અને અક્કલમાં ઉંચે દરજ્જે ચહડી શકે છે. સંસારમાં તો આ પ્રકારની જીંદગીજ ઉંચી કહેવાય. સંસારમાં રહી ધર્મી જીંદગી ગુજારવાને વધુ ખરચ બેસ્તો નથી, પણ સંસારમાં રહી ધર્મ નહી પાળવાથી, અથવા ધર્મ તરફ બેદરકાર રહેવાથીજ, ખરચ વધે છે, મુશકેલી વધે છે, દુ:ખ વધે છે. કારણ કે ધર્મી જીંદગી સાદી જીંદગી છે, અને ધર્મ વગરની સંસારી જીંદગી જંજાલી જીંદગી છે.

સંસારની જંજાલો હલકી કરવાને, અથવા તે જંજાલો દુર કરવાને, ખરાં ધર્મ જ્ઞાનની જરૂર છે. જો ધર્મનું જ્ઞાન ખરૂં હોય અને તે પ્રમાણે ચાલવામાં આવે તો સંસારની ઘણી જંજાલો અને મુસીબતો દુર થાય.

અષેમ્ વોહૂ વહિશ્તેમ્ અસ્તી, ઉશ્તા અસ્તી, ઉશ્તા અહ્માઈ હ્યત્ અષાઈ વહિશ્તાઈ અશેમ્.

"અશોઈ (એ) સૌથી સરસ નેઆમત છે (તથા) સુખ છે; સુખ તે (શખ્સ) ને (છે) કે જે સૌથી સરસ અશોઈને વાસ્તે (યાને સૌથી સરસ અશોઇની બાબદમાં) અશો (છે)."

[એરવદ કા. એ. કાંગાંનો તરજુમો.]

જરથોશ્તી ધર્મનો મૂળ પાયો અશોઈ ઉપર રચાયલો છે, અને જેમ જેમ આપણે તે અશોઇનો ઓહોળો અર્થ સમજતા જઇએ છીએ તેમ તેમ આપણે વધારે સાદી જીંદગી ગુજારતાં શીખીએ છીએ, કારણ કે અશો જીંદગી ગુજારવાથીજ ડહાપણ વધતું જાય છે, અને જેઓ ડહાપણવાન થઈ ગયા છે તેઓ સઘલા સાદાઇના સરદારો હતા. ડહાપણ અને સાદાઈ, ડહાપણ અને અશોઈ, એટલો નીકટ સંબંધ ધરાવે છે કે તેઓને એક બીજાથી જુદાં પાડી શકાય નહીં.

એક માણસની જીંદગી ગુજારવાની જાહેર રીત તેના બાતેનના આચાર વિચારનું માપ છે. ખરો અક્કલજ્ઞાન કદી પણ ઇસ્કી હોતો નથી. ઇતરાટ, ઇસ્કીપણુ, તકોબરી, છાલકાપણું, એ સઘલું અભીમાનમાંથી પેદા થાય છે, અને અભીમાન અવિદ્યા અથવા અજ્ઞાનપણુ દેખાડે છે. ખરાં જ્ઞાનમાંથી ઉપલા દુર્ગણો જન્મ પામે નહી, પણ ખરાં જ્ઞાનમાંથી સાદાઈ અને અશોઇજ ઉત્પન્ન થાય છે. વિષઈ, મોજીલી અને બાહેરથી ખોટા ભપકાવાળી જીંદગી અજ્ઞાન અને અભીમાનમાંથી બહાર આવે છે. એટલા માટે એવી જીંદગીનું છેવટ પસ્તાવો હોય છે; જ્યારે ખરાં ધર્મજ્ઞાન સાથ સાદી જીંદગી ગુજારવાનું છેવટ પરમ સુખ છે. અશોઈ સુખ લાવે છે, અન-અશોઈ દુ:ખ લાવે છે.

ત્યારે જો આજે જરથોશ્તી સંસાર મુશકેલ, કઠણ અને દુ:ખદાયક થઇ પડયો હોય તો તેનો સબબ અશોઇની યાને બીજા શબ્દોમાં બોલીયે તો સાદાઈની ગેરહાજરીને લીધેજ હોવો જોઇએ.

એમ હોવાનો સબબ આપણી આજની સંસાર કેળવણી છે. જો આપણને એવી સંસાર કેળવણી આપવામાં આવે કે આપણી જીંદગી ગુજારવાને "ખોદાએ પેદા કીધું તે સઘળું ભોગવવું જોઇએ, તે માટે પૈસા મેલવવા જોઇએ, અને તે માટે સાચા કે જુઠા ગમે તે ઉપાયો યોજવા જોઇએ," તો તે વિચાર ખુદાએ મુકરર કીધેલા કાયદાથી ઉલટો છે. જેઓ એમ બોલે છે તેઓને ખબર નથી કે ખુદામાંથી તો માત્ર અનાસરો નીકલ્યાં છે, તે પણ કેટલાંક બીજાં તુરોની મારફતે; અને માણુસના આ ફાની દુનિયાંના સુખની કરોડો વસ્તુઓ જે બનાવી છે તે તો માણુસે પોતાના સ્વાર્થને માટે બનાવી છે. વળી

દુનિયાંમાં ચોતરફ નજર કરતાં માલમ પડે છે કે પૈસાવાળા થવાની સરજત ઘણુાજ, ઘણુાજ થોડા લોકોની હોય છે, અને આદમ જાતનો મોટો ભાગ આખી જીંદગીભર ગરીબ અને વચલે વાંધેનો રહે છે, તેથી સઘળાંજ લોકો "ખોદાએ પેદા કીધું તે સઘળી ચીજોનું સુખ ભોગવવા" પામતાં નથી, અને તેમ થવાની કાંઈ જરૂર પણુ નથી; કારણુ કે અધર્મી સંસારની મોજમજાહો અને લાલચો માણુસને ખોદાથી દુર રાખે છે, અને જે માણુસ ધર્મ છોડી ફક્ત સંસારના મોહમાં લપટાયો તે હમણુા કે પછી, અહીં કે ત્યાં, હંમેશાં મોહતાજમંદ, હાજતમંદ, ચિંતાતુર અને દુઃખીયારોજ રહેવાનો.

તે છતાં સંસારી જીંદગી ગુજારવાની જંજાલોમાંથી જે માણુસ છટકી જઈ માત્ર ફકીરી જીંદગી ગુજારવા ચાહે છે તે તો હીચકારોજ ગણુાય, કારણુ કે સંસારજ એક એવું લડાઇનું મેદાન છે કે જેના મધ્યમાં રહી માનવી પોતાના દુર્ગુણો, લોભ, લાલચ ઇત્યાદી, જાગૃત કરી, તેને તાબે કરી શકે છે, યા તેમનો પરાજય કરી સ્પેન્તમેન્યુની બાંહેધરી તળે અંધરેમેન્યુને મારીને અહુરમજદની વધારે નજદીક પોંહોંચી શકે છે.

પણુ આ લડાઈ મારવાનું કામ એટલું મુશકેલ છે કે તેની સનમુખ એક લશકરી સરદાર કેટલીક ફોજની મદદ લઈ, આજના સુધરેલાં ખાનાખરાબી કરનાર હથીઆરો સાથ, એક દેશ જીતે છે, તે જીત મુકાબલામાં સેહલીજ ગણી શકાય. સંસારી લડાઈ મારવાનું કામ એટલું બધુ મુશકેલ છે; પણુ જ્યારે તે માર્યા વગર છુટકોજ નથી,—આજે નહીં તો કોઈ કાળમાં, હમણુા નહીં તો હવે પછી કોઈ બીજા રૂપમાં—ત્યારે તે કામ તદબીરથી પાર ઉતારવું જોઇએ.

જરથોશ્તી ધર્મ મુજબ માણુસમાં સ્પેન્તમેન્યુ અને અંધરેમેન્યુની જે લડાઈ ચાલે છે તે એજ લડાઈ છે. આખરે સ્પેન્તમેન્યુની ફત્તેહ અને અંધરે-મેન્યુની હાર થવી જોઇએ. તે માટે બે રસ્તાઓ છે: એક તકદીર અને બીજો તદબીર. આ રસ્તો મુશકેલ છે એમ માની તેને તકદીર ઉપર છોડવાથી આપણુા દુઃખનો વખત લંબાય છે; પણુ તદબીરથી, વિવેકથી જો કામ કરવામાં આવ્યું હોય તો, તદબીરથી જેમ એક દેશ જીતનાર જીત મેળવે છે, તેમ આપણુા દુઃખનો અંત આપણે જલદી લાવી શકીયે. પણુ માનવી જે કામ તદબીરથી બજાવાનું છે તેને તકદીર ઉપર છોડે છે, અને તકદીરથી મળવાનું જે નિર્માણુ થયલું છે તે માટે તદબીરનો ઉપયોગ કરે છે.

જમાનાની તવારીખ સાબેત કરી આપે છે કે આ તદબીર સાદી અશો જીંદગી ગુજારવામાં સમાયલી છે. અસલનો ઇરાણી સુખી હતો, "તે ખુદાની

વધારે નજદીક હતો "* અને તેની "બંદગી ખુદા અને ફરેસ્તાઓ સાંભળતા હતા," કારણ કે તે અશો હતો, તે સાદો હતો, તે જંજાલ વગરનો હતો.

". . . . . . They [the Magi] renounce rich attire and the wearing of gold. Their raiment is white upon occasion; their beds, the ground; and their food, nothing but herbs, cheese and bread. Their chief employment was religious worship, they being conceived to be the only persons whose prayers God and angels would hear." †

". . . તેઓ [માગીઓ] ભપકાદાર પોશાકો અને સોનાના ઘરેણાં તરક કરે છે. સર અવસર ઉપર તેઓ સફેદ સાદો પોશાક પહેરે છે; તેમના બીછાના જમીન છે; અને તેમનો ખોરાક કાંઈજ નહીં પણ વનસ્પતી, પનીર અને રોટી છે. તેમનું મુખ્ય કામ ધાર્મીક આરાધના છે, કારણ કે માત્ર તેમનીજ બંદગીઓ [અરજો] ખુદા અને ફરેસ્તાઓ સાંભલે છે એવું માનવામાં આવતું હતું."

અલબત, આજના આપણા સંસાર સાથ સરખાવતાં ઉપલો વિચાર ઘણાકોને કદાચ હસવા જેવો લાગે. પણ આપણે લગાર દરીયાફ્ત કરીશું તો માલમ પડશે કે એમાં નવાઈ જેવું કાંઈ નથી. જો કે આજે એવી રીતની જીંદગી ગુજારવી કેટલાકોને અ-વ્યહવારી અથવા નહી બનવા જોગ લાગે, તે છતાં, જો આપણાથી બની આવે તો, આપણી આજની જીંદગી ગુજારવાની રીતોમાં કાંઈ ઘટતો ફેરફાર કરી શકીયે.

આપણે ગંભીરપણે વિચાર કરી શું તો માલમ પડશે કે ઉપલા ગ્રીક સાહીત્યના ફકરામાં આજે પણ જો કોઈ ઠરાવ કરેતો કોઈક એવી રીતની જીંદગી ગુજારી શકે. એક પારસી જાહેર પુરૂષને લાકડાનાં પાટીયાં ઉપર સુવાની ટેવ પડેલી સાંભળવામાં આવી છે; "વનસ્પતી, પનીર અને રોટી" જેવા ખોરાકપર આજે પણ કેટલાકો પોતાનો નિર્વાહ કરી શકે; અને પોશાકમાં પણ સફેદ કપડાં આપણુ વાપરીયે છીયે. પણ જીંદગી ગુજારવાની રીતમાં જુદી જુદી પ્રજાઓની સાથે વસવાથી તેઓની રીતભાતો આપણામાં આમેજ કરી, તેવી ટેવો પડવાને લીધે, હવે તેમાથી છુટાતું નથી. તેથી સંસારમાં રહી સઘળા વૈભવો ભોગવવાને આપણે જે હાજતો વધારી છે તે પુરી પાડવાનું કામ જેટલુ મુશકેલ લાગતું નથી, એટલું આ ટેવો છોડવાનું કામ મુશ્કેલ થઈ પડયું છે.

એનું પરિણામ શું આવ્યું છે? પરિણામ એ આવ્યું છે કે જ્યારે અસલી ઈરાણી ઘણીજ ઓછી જંજાલોને લીધે, ઘણો વખત ખુદાના સમાગમમાં

---

* Malcolm's "History of Persia." † "Treatise of Magic," cited by Laertius

રહેવા માટે ફાજલ પાડી શકતો હતો, અને એકાગ્ર ચિત્તથી "ખુદા અને ફરેસ્તાઓને પોતાની અરજ કરવાનો" હક ધરાવતો હતો,—અને એવીજ રીતની ચાલુ બંદગી કાંઈ ફળ ઉત્પન્ન કરનાર થઈ પડવી જોઇએ—ત્યારે આજે આપણી સેંકડો જંજાલો સાથ કીધેલી થોડી મીનીટની બંદગી, અને વજંત્રો સાથ થયલી બંદગી, જો તેનું ફળ નહીં લાવે તો તેમાં અજાયબ થવાનું કાંઈ નથી. આથી નાસીપાસ થઈ આજનો એક કેળવણી પામેલો એરવદ સુધાં જો એમ કહે કે "કોશેશ સાથ પ્રાર્થના કરવા છતાં પરિણામ આપણી મુરાદ મુજબ નહીં આવ્યું તેમાં હવે આપણો કાંઈ ચારો નથી"* તો તેમાં મુઝાકો શો છે?

જેમ જેમ સંસારી હાજતો વધારવી, જેમ જેમ સંસારી લાલચો વધારવી, તેમ તેમ તે મેલવવાને વધારે વખત સંસારી ખટપટોમાં રોકાવું પડે છે, અને તેટલો વખત આપણાથી ખોદા વિષે, ખોદાની [મીનોઈ] દુનિયાં વિષે, ખોદાના હમકારસાથ [અમશાસ્પંદો અને યજદો] વિષે વિચાર કરવાને વખત મલતો નથી, તેથી આપણે વિચારમાં સુધાં તેમનાથી વધારે ને વધારે દુર જતા જઇએ છીએ; અને તેમનાથી દુર થવું એ આપની ઉપર બદબખ્તી લાવવા જેવું નહીં તો બીજું શું? તેમના સંબંધમાં રહેવું હોય, તેમના સમાગમમાં રહેવું હોય, તેમની વચ્ચે રહેવું હોય, તો આપણે આપણી આસ-પાસનું ખોરેહ આપણા મીનોઈ વિચારોથી તેજસ્વી બનાવવું જોઇએ, રોશન બનાવવું જોઇએ, કે જે રોશન ખોરેહ તરફ આકર્પણ શક્તિના કાયદાથી રોશન નુરો ખેંચાય છે, અને એ રીતે આપણે ખુદા અને ખુદાની અશો મીનોઈ હસ્તીની વધારે નજદીક, તેમના સમાગમમાં, રહી શકીએ. એવી હાલતમાં રહેવામાં જે સુખ સમાયલું છે, તે સુખનો ખ્યાલ પૈસા-ટકાથી મેલવાતાં સુખની શોધમાં રહેનાર માણસને તો કયાંથી આવે? એવાં માણસની આસપાસ ગમે તેવી આફતો હાજર હોય તોપણ તે સુખીજ છે. એવાં માણસની આસપાસના માણસો ઉપર પણ જો કાંઈ આફત આવી પડી હોય તો તે પણ તે દુર કરવાને કોશેશ કરે છે, પણ તે પૈસાથી કે અંગબળથી દુર કરતો નથી, તે વિચારથી દુર કરવાની કોશેશ કરે છે, અને માણસના વિચારનું બળ કેટલું મોટું હોય છે તે માત્ર થોડા વિદ્વાનોજ સમજી શકે.

આજનો મિશ્રીત સંસાર અને ધર્મ.

સંસારમાં રહી ધર્મી જીંદગી ગુજારવાના સવાલમાં આપણને પહેલી બાબદ આવી મળે છે તે એ કે "સંસાર" કોણને કહેવો? જો એ વિષે વિગતે પુછ-

* એરવદ શેહરીયારજી દાદાભાઈ ભરૂચાનો વાયજ, સને ૧૮૮૯.

પરછ કરવા બેસીએ તો, આજે સંસારી રેવાજો અને રીતભાતો એક નાના જેવા પારસી ટોળામાં એટલાં બધા વધી ગયાં છે કે, તે વિષેની વીગતો આ નાના વિષયમાં સમાઈ શકે નહીં. કારણ કે જ્યારથી "છુટાપણા" ને નામે વગર વિચારથી પારસી ટોળામાં જે ફેરફારો સૌ સૌએ પોતાની સમજ પ્રમાણે કીધા છે, તે ગોયા "બકરૂં કહાડતાં ઉંઠ પેસાડવા" જેવા થયા છે. સંસારમાંથી "હિન્દુ વેહમો" કહાડવા જતાં "ક્રિશ્ચીયન આફતો" વધી ગઈ છે, અને દરેક કુટુંબ એવા કચુંબર સંસારને "ખરો જરથોસ્તી સંસાર" માની લેછે. આપણા સુખને બદલે દુ:ખનું નવું સાધન ઉમેરાયું છે. એમાંથી આપણને ધર્મજ બચાવી શકે. પણ પાછો સવાલ ઉભો થાય છે કે, ધર્મ કયો અને કેવો? અહીં પણ આપણને ઉપલોજ ગુચવાડો નડે છે. હિન્દુ ધર્મના રીવાજો દુર કરવાને બહાને જરથોસ્તી ધર્મની ભાંજફોડ થઈ છે. સબબ કે જરથોશતી અને હિન્દુ ધર્મો એકજ મૂળમાંથી નીકળેલા હોવાથી બેઉની ફીલસુફી, ભાષા, ધર્મ રેવાજો એટલા તો મળતા આવે છે કે, એક રીવાજને હિન્દુ વેહમ સમજી બાતલ કરતાં, આડકતરી રીતે જરથોસ્તી ધર્મનો મૂળ પાયો ખોદાય છે, જે લાગતા વળગતા આગેવાનો જોઈ શકયા નથી. જે રીવાજ કે ક્રિયામાં એક જડ મનશક્તિનો કે અજ્ઞાન માણસ વેહેમ જોય તેજ રીવાજ કે ક્રિયામાં એક જ્ઞાની પુરૂષ કે વિદ્વાન કુદરતનો કાંઈ ભેદ કે સચાઈ સમાયલાં જોઈ શકે. તેથી આવી ભાંજફોડ થયા પછી ધર્મ સંબંધી અમુક કાનુનની હાજત ઉભી થતાં ક્રીશ્ચીયન રીતીઓ દાખલ થઈ છે, અને તેને માટે આપણને સમજાવવામાં આવે છે કે "એ ખરો જરથોસ્તી ધર્મ"।

એ સઘળી તકરારી બાબદો બાજુ રાખી, આપણે માત્ર ધર્મ અને સંસાર વિષે અસલ વિચાર શો હતો તે ધોરણથી કામ લઇશું; અને તેમ કરતાં એક "આઇડીયલ" એટલે ખરા સુખવાસી જરથોશ્તીના લક્ષણ ધર્મ પુસ્તકોની રોશનીથી જોતાં કેવાં હોવાં જોઇએ તે જાણી લેઈ તેના ફાયદા તપાસશું.

ફરજીયાત.

થ્વોઈસ્તઓતરસ્ચા માંથ્રનસ્ચા અહુરમજદા ઓગેમદેએચા, ઉસ્મહીચા, વીસામદએચા.

"અય અહુરમજદ! તારી સ્તુતી કરનારા અને માંથ્ર ભણનારા તરીકે અમો પોતાને ગણીએ છીએ, અને ઇચ્છીએ છીએ અને કબુલ રાખીએ છીએ."

[યજશ્ને, હા ૭, ફકરો ૨૪.]

દરેક જરથોશતીએ ઉઠતાં અને બેસતાં સદાકાળ અહુરમજદનું નામ લેવું જોઇએ. આનો ભાવાર્થ કાંઈ એમ નથી કે ખુદાનું નામ ચોકસ તક ઉપરજ

લેવું. પણ નીરંતર તેના નામનું સ્મરણ મનમાં ચાલ્યા કરવું જોઇએ. પણ દલગીરી ભરેલું છે કે જો આ સ્મરણ કહેવાતા જરથોસ્તીઓમાંના કોઇએ કરવા માંડયું તો તે મશકરીનું મધ્યબિંદુ થઈ પડે! એટલા માટે કોઈ કોઈ તેનું સ્મરણ મનમાં કરતા હતા; પણ તે હવે કોઈ જરથોસ્તીઓમાં ચાલુ હોય એમ માનવાને શક જાય છે. અને તે છતાં આપણે બડાઈ મારીએ છીએ કે આપણે સુધરીએ છીએ!

અહુરમજદ યશ્તમાં અહુરમજદ જરથોસ્ત સાહેબને જણાવે છે કે:—

યસ્‌ચ મે અએતહિ અંઘહ્‌વો યત્‌ અસ્તવઇન્તિ સ્પિતમ જરથુસ્ત્ર ઇમાઓ નામેનીશ્‌ દ્રેન્‌જયો ફ્રસ્રવ, પઇતિ વા અસ્નિ, પઇતિ વા ક્ષફ્‌ને. ફ્રસ્રવ ઉસ્‌ વા હિશ્તો; ની વા પઇધ્યમ્નો, ની વા પઈધ્યમ્નો ઉસ્‌ વા હિશ્તો; અઇવ્યા ઓંધ્‌હનેમ્‌ વા અઇવ્યાઓંધ્‌હમ્નો, અઇવ્યાઓંધ્‌હનેમ વા બૂજયમ્નો; ફ્રા વા ષુસ હચ ગાતઓત્‌ ફ્રા વા ષુસ હચ જન્તઓત્‌, ફ્રા વા ષુસ હચ દંધ્‌હઓત્‌. અવ-જસ દખ્યુમ્‌ આ નોઇત્‌ હિમ નર, અંઘહે અચાંત્‌, નોઇત્‌ અંઘહાઓ ક્ષપો, અએશ્મો કુતહે દ્રુક્ષ મનંધ્‌હો અવસ્યાત્‌. નોઇત્‌ અકવો, નોઇત્‌ ચકવો, નોઇત ઇષવો, નોઈત કરેત, નોઇત્‌ વજ્ર, નોઇત્‌ વીસેન્તી અસાનો અવસ્યાત.

"અએ સપેતમાન જરથોશ્ત! જે શખ્સ આએ હાડમંદ દુનિયાંમાં આએ મારાં નામોને યાદ કરનારો (થઇને) દરેક દિવસ અથવા દરેક રાતે મોટે સાદે ભણે—

"ઉઠતાં કે બેસતાં, બેસતાં અથવા ઉઠતાં, બંધ બાંધતાં અથવા બંધ છોડતાં, (પોતાની) જગાએથી બાહાર નીકળતાં, કસબામાંથી બાહાર નીકળતાં, દેશમાંથી બાહાર નીકળતાં (તથા) (કોઈ બીજા) દેશ તરફ જતાં (જે શખ્સ આએ મારાં નામો) મોટેથી ભણે તો, તે માણસને તે દીવસે (તથા) તે રાતે યાને જે જે વખતે ભણે (ત્યારે) ઘાતકી મનનો એશમ (નામનો) દરૂજ નુકસાન કરે નહીં; નહીં આંકડાં (અથવા ભોકવાનાં હથિઆર) કે નહીં ગોફણો, કે નહીં ભાલા, કે નહી તલવાર, કે નહીં ગુરજો, કે નહીં પથરા (તે માણસને) લાગીને ઇજા કરે."—અહુરમજદ યશ્ત, કરદા ૧૬–૧૮).

[એરવદ કા. એ. કાંગાનો તરજુમો.]

અહી. જે પરીણામ જણાવ્યું છે તે આજના સાધારણ પારસી માટે નથી એ કોઇ પણ સાદી અક્કલનું માણસ કબુલ કરશે. એ પરીણામ તેજ માણસ લાવી શકે કે જે જરથોસ્તી ધર્મના અશોઇના કાનુનો પાલી તે ઉપર અમલ કરી, તે અમલ સાથે અહુરમજદનું નામ કાંઈ પણ અચકયા વગર "રાત અને દીન" લેયા કરતો હોય. પણ "ઓછું બુરૂં" સ્વીકારવાના નીયમ મુજબ, યાને શાયરતલા શાયરતના કાયદા મુજબ, આપણાથી જો બની આવે તો જયારે

જ્યારે વખત મળે ત્યારે તેનું નામ જુબાન ઉપર રાખવાથી કેટલોક ફાયદો હાંસલ કરી શકીયે છીયે. તેનો એક દાખલો લઇએ.

ખોવાબગાહમાંથી બીદાર થતાં અહુરમજદનું નામ.

જ્યારે એક ખરો જરથોસ્તી ખોવાબગાહમાંથી બીદાર થાય છે, ત્યારે બીદાર થવા સાથેજ તેના અંતઃકરણમાંથી અહુરમજદનો શબ્દ તેના હોઠ ઉપર આવવો જોઇએ. આ કામ સેહેલાઇથી બને છે કેટલાક ધર્મી માણસોને ઉંઘમાં ભણવાની ટેવ હોય છે, જે નીચે મુજબ પરખાય છે. અવસ્તાનો કોઇ પણ ભાગ,—અશેમ, યથા, સરોષ બાજ, ઈત્યાદી—અરધો ઉંઘમાં ભણાયા પછી તેનો બાકી રહેલો ભાગ બીદાર થતાં તેઓ હોઠપર લઇને ઉઠે છે. આ બાબત કેટલાક ખોદાશનાસના અંગત અનુભવ ઉપરથી કહું છું.

આ રીતે અહુરમજદનું નામ મનમાં ઉચ્ચારવાની ટેવ પાડી હોય તો બામદાદમાં ઉઠતાં—ઉઠતાં એટલે બીછાના ઉપરથી ઉઠતાં નહીં પણ ઉંઘ-માંથી "હું હસ્તી ધરાવું છું" એવો હોશ આવતાંજ—અહુરમજદનું નામ હોઠપર પોતાની મેલેજ આવે છે. માત્ર એક વાર ટેવ પડવી જોઇએ.

કોઈ પુછશે કે, એથી ફાયદો શું થાય? એક માણસની જીંદગીમાં તેની જન્મવાની પળ તેની આખી જીંદગી કેવી જશે તે મુકરર કરે છે, તેની પર-ણવાની પળ તેની પરણેલી જીંદગી કેવી જશે તે મુકરર કરે છે, અને તેની મોતની પળ તેની બેહેસ્તની જીંદગી કેવી જશે તે મુકરર કરે છે. એટલું છતાં જન્મવાની પળપરથી મુકરર થયલી બાબદો ઉપર ભરોશો રાખીયે તો તે "કીસમત" ને તાબે થઈ બેસી રહેવા જેવું થાય. જરથોસ્તી ધર્મ માત્ર કીસમત ઉપર ભરોશો રાખી બેસી રહેવા કહેતો નથી; પણ માણસને ઉદ્યમથી પોતાની હાલત બેહતર અને વધારે બેહતર કરવા સુચવે છે, અને તેટલા માટે માણસમાં "મરજી" જેવી શક્તિ મુકાઈ છે. આથી માણસ ચાહે તો તેની મુકરર થયલી જીંદગીમાં તદબીર વાપરી ફેરફાર કરી શકે. એ પ્રમાણે પરણેલી જીંદગીમાં મુકરર થયલી બાબદોમાં તદબીરથી ફેરફાર લાવી શકાય; તેમજ ગુજર પામેલાંઓને જો "જાણકાર" મોબેદ હોય તો, ક્રિયા વગેરેથી મદદ આપી શકે.

એજ કાયદા મુજબ ખોવાબગાહમાંથી બીદાર થતાં, તે પળ ગમે તેવી હોય તે છતાં, અહુરમજદનું નામ લેવાથી, આપણા આખા દીવસના સંજોગોને આપણે ફાયદા કારક બનાવી શકીયે. આ વિષે આપણા ખુરેહમાં અવસ્તાના આવાજની ધ્વનીથી કેવી અસર થાય છે તેનો અભ્યાસ કરવાથી વધારે ફાયદાઓ નજર આવશે.

બીછાના ઉપરથી બીદાર થતાં તુરત ઉઠવું.

એક ખરો જરથોસ્તી ખોવાબમાંથી હુશિયાર થતાં બીછાના ઉપર પડી, જેમ એક આળસુ ભેંસ ચીકલના ખાડામાં પડી આલાબાલા મારે છે તેમ, આલાબાલા મારતો નથી, પણ તે તુરત ઉઠી કામે વલગે છે. એવી રીતે આલાબાલા મારવાથી અથવા અરધી ઉંઘમાં પડી રહેવાથી હોશ જે મધ્ય હાલતમાં રહે છે તે હાલત ઘણી કામીક હોય છે. તે ભુવનની શક્તિ ને વંદીદાદમાં બૂષ્યાંસ્ત કહી છે.

આઅત્ અઓત્ અહુરો મજદાઓ મેરેઘો યો પરો-દર્શ નામ્ સ્પિતમ્ જરથુસ્ત્ર. યિમ મષ્યાક અવિ દૃજવચંઘ્રહો કહૃકતાસ્ નામ્ અઓજઇતે. આઅત હો મેરેઘો વાચિમ્ બરઇતિ ઉપ ઉષાઓંઘ્રહેમ યાંમ્ સૂરાંમ્.

ઉસેહિશ્તત મષ્યાક સ્તઓત અષેમ યત્ વહિશ્તેમ્ નીસ્ત દએવ. અએષ વો દ્વરઇતિ બૂષ્યાંસ્ત દરેઘો-ગવ. હા વીસ્પેમ્ અહુમ્ અસ્ત-વન્તેમ હકત્ રઓચંઘ્રહાંમ ફ્રધાતો નિખબદયેઇતિ ખફ્સ દરેઘો મષ્યાક નોઈતિતે સચઇતે.

[વંદીદાદ, પર્ગરદ ૧૮, ફ. ૧૫–૧૬]

"ત્યારે હોરમજદે કહ્યું કે, અએ સૌથી પવિત્ર જરથોસ્ત! પરો-દર્શ નામનો મરઘો જેને હલકે વાંઘેના લોકો કહૃકતાસ્‌ને નામે ઓલખે છે, તે મરઘો (કામ કરવાને) શુર આપનારી બામદાદને વખતે (નીચે પ્રમાણે) પોકાર કરે છે:—

"અએ માણસો! (તમારા બીછાના ઉપરથી) તમો ઉઠો, સઉથી સરસ અશોઇની વખાણ કરો, (તથા) દેવોને દફે કરી નાખો; (નહી તો કે) તે લાંબા હાથવાળો બૂષ્યાંસ (નામનો દેવ) તમારી તરફ દોડી આવે છે. તે (બૂષ્યાંસપ દેવ) (એવો છે કે) તમામ હાડમંદ દુનિયાંના લોકો જેવી બામદાદ (પડી) (અને) જાગૃત થયાં તેવાં તેઓને પાછાં સુવારી દેછે. અએ માણસો! લાંબી ઉંઘ તમને સજાવાર નથી."

[એરવદ કા. એ. કાંગાનો તરજુમો.]

આ ફકરાઓ પુરતી રીતે સ્પષ્ટ છે, એટલે તે ઉપર સરેહ કરવાની અગત્ય નથી. તે છતાં આટલી વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે દરેક માણસ યજદો કે દેવદરૂજોના સેવક જેવો છે; તેની મારફતે યજદો કે દેવદરૂજો આ દુનિયાંમાં પોતાનું કામ કરે છે. તેથી ગમે તો માણસ યજદોનો હમ-શરીક થાય અને ગમે તો દેવદરૂજોનો હમશરીક થાય, તે માત્ર તેના મનની સ્થિતી ઉપર આધાર રાખે છે. આળસાઈ, સાવજપણું, અર્ધી હુશીઆરી, હવસી અંધકાર, ઇત્યાદી, અને તેમાંથી ઉત્પન્ન થતી બદીઓ, બુષ્યાંસ્ત

શક્તિના બચ્ચાં–છોકરાં સમજવાં. માણસની મીનોઈ વૃદ્ધિમાં તે અટકાવ નાખનારાં છે. તેથી તેઓને દુર કરવાનો ઉપાય એજ કે ઊંઘમાંથી જેવાં હુશિયાર થઇએ તેવાંજ બીછાનાં ઉપરથી ઉઠી પડવું. પણ કોઈ પૂછશે કે બામદાદને ઘણો વાર હોય તો અમસ્થાં ઉઠી શું કરીએ? આજના અધર્મી વખતમાં એ સવાલ ઉભો થાય એ સ્વભાવિક છે. જેઓને વાંચતાં આવડતું હોય—અને આજે નથી કોણુને આવડતું—તેઓએ ખોરશેદ દેખાવાને વખત હોય તો આગળ જણાવ્યા મુજબ પાદીઆબ કુસ્તી કરી યશ્ત વગેરે ભણવામાં વખત કાઢવો. ઓરતોથી જો અવસ્તા ભણવાને નહીં બનતું હોય તો સહવેણુના ગીતમાંથી સૂરજને વધાવી લેવાનું ગીત ગાવું કે જે કામ ઘરના કામકાજ કરતાં, સાફસુફ કરતાં, લોબાન કરતાં, પણ થઈ શકે. વંદીદાદના ઉપર ટાંકેલાં ફરમાનમાં ખુલ્લું બતાવ્યું છે કે આપણું કામ દેવદરૂજોને મારી હઠાવાનું છે, અને આપણા મનની આ રીતની ગંભીર ખુશાલ હાલતમાં માંથ્રના અવાજથી આપણે તે કામ બજાવી શકીએ છીએ. વળી ગાયનના આલમને તાજગી આપનારા શરોદાથી, આલમમાં આશીર્વાદ પાંથરી શકાય. સૂરજ ઉગવા સાથ જ્યારે યજદો આ દુનિયાં ઉપર પોતાના આશીર્વાદોનો વરસાદ રેડવાને તૈયાર થાય છે, ત્યારે તેમની સાથ તેમના નોકર થઈ આપણે ઉપલી રીતે વર્તવાથી તેમના હમકાર-સાથ થઇએ છીએ; અને તેમના હમકાર-સાથ થવું તે અમશાસ્પંદોના હમકાર-સાથ થવા બરોબર છે. અને અમશાસ્પંદો જ્યારે અહુરમજદ સાથ એકજ છે ત્યારે આપણે પોતે અહુરમજદનેજ લગતાં થઇ રહીએ છીએ.

પાદીયાબ અને સ્નાન.

દરેક જરથોશ્તીનું બીછાના ઉપરથી ઉઠયા પછીનું કામ પાદીયાબ કુસ્તી કરવાનું છે તેમજ સ્નાન કરવાનું છે. સ્નાન કરવાનું કામ કેટલાંક ગરીબ અને આજારી માણસથી દરરોજ બનતું નથી.

આ રીવાજના ફાયદા શરીર વિદ્યાની રીતે તપાસ્તાં સ્પષ્ટ રીતે જાણીતા છે. તેથી તે વિષે અહીં કાંઈ ઘણું કહેવાનું નથી. એક માણસને વસીદે મોહડે આખો દીવસ ફરવા દો, અને તેની હાલત જુઓ. તેના શરીર ઉપર એક એવો અણદીઠ પરદો ફરી વળેલો હોય છે કે તેની ગુમરાહીમાં તેને સારા વિચારો સુજ પડતા નથી; તે ઉલ્લટાં કાંમો કરતો માલમ પડે છે, અને ઘણી વાર સામાં માણસો તેને માટે કહે છે કે "તે અહેરેમનનો ઘેરેલો છે." પાદીયાબ કુસ્તીથી શરીર ઉપરની બારીક ગલીચી દુર થવા સાથ હુશિયારી આવે છે, અને માણસ સ્વસ્થ બને છે; કારણુ કે તેની આસપાસનું ખોરેહ જે ઉંઘમાં શરીરમાં ડુબી ગયલું હોય છે તે પ્રગટ થાય છે અને તે ખોરેહની

ખુબીથી માણુસ પોતાની આસપાસની બુરી અસરો તે પોતામાં દાખલ થતી અટકાવે છે.

જરથોશતી ધર્મના રીવાજો, જે બહારથી કેટલાક લોકોને વેહમ જેવા દેખાય છે, તેઓમાંના ઘણાકો આ ખુરેહની જાલવણી માટે રચાયલા છે.

ઇથા-ઈ હઇથ્યા નરો અથા જેનયો, વ્હૂજો હ્યા રાથેમો યેમે સ્પષુથા ફ્રાઇહીમ, વ્હૂજો આયેસે હોઇથા તન્વો પરો.

વચુ-બેરેદુબ્યો દુશ્-ખરેથેમ્ નાંસત ખાથ્રેમ દ્રેગ્વોદેબ્યો દેજીત્-અરેત એઇબ્યો અનાઇશ્ આ મનહીમ અહુમ્ મેરેન્ગેદુયે.

[વહિશ્તોયશ્ત ગાથા, હા ૫૩, ફ. ૬.]

"પણ, અએ નરો તથા નારીઓ! દરૂજના માર્ગને (તથા તેના) વધારાને જાહેર રીતે તમો બંધ કરજો. દરૂજની આરાધનાથી તમારા તનનો સંબંધ છોડવજો. ખરાબ ખોરેહવાળું સુખ માણુસોને માટે નાશકારક (છે). રાસ્તીથી હાની કરનારા બુરા માણુસોથી (અએ નર તથા નારીઓ!) (તમો) (તમારી) મીનોઈ જીંદગીને (યાને આવતા ભવની હયાતીને) ખરાબ કરો છો."

[એરવદ કા. એ. કાંગાનો તરજુમો.]

ઉપલા ફકરાપરથી જોવામાં આવે છે કે જો સામાન્ય બાધ હોત તો માત્ર નરજ જણાવતે, પણ જ્યારે નારીને અહીં સાથે લેવામાં આવી છે, ત્યારે ચોકસ સંજોગો વચ્ચે તેણીએ પોતાનું ખોરેહ જાલવવા વંદીદાદમાં જણાવેલી ચોકસ તરતીઓ જાલવવી જોઇએ, કારણ કે તેવા સંજોગોમાં તેણીનું ખોરેહ પણ બગડેલું ગણુવામાં આવ્યું છે. ગર્ભસ્થાનની સઘળી નજીસાત સાથ દરૂજી હસ્તીનો સંબંધ હોવાને લીધે, ગર્ભસ્થાનની ફેરવાયલી હાલતમાં ઓરતને અલાહેદી રહેવાની જરથોસ્તી ધર્મ ખુબ તાકીદ ફરમાવે છે. શરીરમાં રહેલી બીજી નજીસાત કરતાં ગર્ભસ્થાનની નજીસાત ઉપર દરૂજો અને જાદુઇની અસર જલદી થાય છે. તેથી તે જો પોતાના તે વેળાના કંગાલ ખોરેહ સાથે સઘળાં સાધારણ માણુસો અને ચીજો સાથ ભેળાએ તો તે માણુસો અને ચીજોને પણ ખરાબ કરી શકે—પલીદ કરી શકે. આ બાબદ બહુ નાજુક હોવાથી અત્રે કાંઈ વધુ જણાવી શકાતું નથી; પણ જેમ સમજુ અને વિચારવંતો એક શબ્દમાં સમજી જાય છે, તેમ મારી દીનદાર જરથોસ્તી બેહેનો આ ઉપરથી પોતાની અસલ ફરજ શું છે તે સમજી જશે.

યશ્તો ભણવાના ફાયદા.

ખોરશેદ ઉગવાના વખત આગમચ જે જરથોસ્તીઓ ઉઠે છે તેઓ હાવનગેહ થવા આગમચ પાછલી રાત્રે ચોકસ યશ્તો ભણે છે.

દરેક માણુસ ચોકસ મુદત સુધી ચોકસ ગૃહની અસર તળે રહે છે. આ વખને તે માણુસમાં ચોકસ સદ્દગુણ કે દુર્ગુણ બહાર આવે છે, તેમજ તે ચોકસ સુખ કે દુઃખને આધીન થાય છે. "કીસમત" પર આધાર રાખી બેસી રહેવાનું જરથોશ્તી ધર્મ કહેતો નથી, પણ માણસે કોશેશ કરી પોતાની હાલત મીનોઈ વૃદ્ધિ માટે ઊંચે અને ઊંચે ચહડાવાની છે. તેથી જે ગૃહ પ્રબળ હોય તે ગૃહને માટે ફરમાવેલી યશ્ત તેટલો વખત ભણવાથી* દુઃખમાં ઘટાડો થાય છે, બદી ઓછી થાય છે, સુખની વૃદ્ધિ થાય છે, સદ્દગુણ ખીલે છે, ઇત્યાદી. પણ યાદ રાખવું કે એ સઘળાં સાથ જરથોસ્તી ધર્મે ફરમાવેલી પરહેજગારી અને અશોઇના કાનુનો પાલવામાં આવ્યા હોય તોજ. વળી જીદગીમાં જે ફેરફાર થાય તે એટલા ધીમા અને અદૃશ્ય હોય છે કે તે સામાન્ય રીતે માલમ પણ પડતા નથી, તો જો કે કારણ તેનું પરિણામ મોડે કે વહેલે લાવ્યા વગર રહેતું નથી એ કુદરતનો અચુક નિયમ છે.

ખોરશેદ-મેહેર અને આતશ નીઆએસો ભણવાના ફાયદા.

એક દીનદાર જરથોશ્તી હાવન ગેહમાં ફરજીયાતના એક કાનુન તરીકે ખોરશેદ–મેહેરની નીઆએસો ભણે છે. આથી અણુસમજુ લોકો જરથોસ્તી-ઓને સૂર્ય–પરસ્ત કહેછે. પણ ખોરશેદની નીઆએસમાં શું ભણવામાં આવે છે તે જો જાણવામાં આવે તો એવા અજ્ઞાન લોકો પોતે પણ તે ભણવા માંડે. ખુદાની ખુદાઇ નહીં સમજવાથી કેટલાક જરથોસ્તીઓ સુધાં એવું સમજે છે કે "દુવા નામ સેતાએશ" સીવાય ખુદાની પાધરી સેતાએસ જરથોસ્તી ધર્મ પુસ્તકોમાં નથી, તેથી કેટલાકોએ પોતેજ તે તરેહવાર આકારમાં રચી છે, તો જો કે ગાથામાં એવી બંદગીઓ છે. પણ પહેલાં તો જાણવું જોઇએ કે માનવીનું મન તેની સાધારણ હાલતમાં હદ્દવાલું છે, તે જે કાંઈ હદ વગરનો (ખુદા) છે તેને પોહોંચી કેમ શકે? એટલા માટે દાનાવોએ સૂર્ય, જે અહુરમજદના "સ્વરૂપ" † જેવો છે, તેનો દેખઇતી દુનિયાંનો પ્રતિનીધી, તેની ભક્તિ કરવાનું ઠરાવ્યું છે.

જે કોઈ સૂર્યને આરાધે છે તે અહુરમજદને આરાધે છે, એવું ખુદ એ નિઆએશ ઉપરથી પણ જણાશે:—

યો યજાઇતે હ્‌વરે યત્ અમેષેમ્ રએમ્ અઉર્વત્ અસ્પેમ, પઇતિ-શતાતેએ તેમંઘહાંમ્ પઇતિશતાતેએ તેમસ્ ચિથ્રનામ્ દએવનામ્, પઇતિશ્તાતેએ તાયુનામચ હજસ્નામચ્, પઇતિશતાતેએ યાતુનામ્ચ

---

* જુઓ બઝમે જરને રૂઝે અહુરમજદ તરફથી બહાર પડેલો "નીતિ પ્રકાશ," અંક ૫ મો, પૃ. ૧૩–૧૪. † યજશ્ને, હા ૩૬.

પઇરિકનામ્ચ પઇતિશતાતેએ ઇથ્યેજંઘહો મર્ષ્ઓનહે યજઇતે અહુરેમ મજદામ, યજઇતે અમેષે સ્પેન્તે યજઇતે હઓમ ઉર્વાનેમ ક્ષ્નાવયેઇતિ વીસ્પે મઇન્યાવચ યજત ગએથ્યાચ યો યજઇંતે હવરે યત્ અમેષેમ રએમ્ અઉર્વત-અસ્પેમ્.

["ખોરશેદ નિઆએશ," ફ. ૧૪]

"અંધારાની સાંમે થવાને, અંધારાની તોખમના (અથવા શિકલના) દેવોની સાંમે થવાને, ચોરો તથા લુટારાઓની સાંમે થવાને, જાદુગરો તથા પરિઓની સાંમે થવાને (તથા) મોતકારક નાશની સાંમે થવાને, **જે શખ્સ અમર નુરમંદ (તથા) તેજ ઘોડાવાળા ખોરશેદને ઇજેછે** (અથવા વખાણે છે) (તે ગોયા) **હોરમજદને ઇજે છે,** અમશાસ્પંદોને ઇજે છે (તથા) પોતાનાં રવાનને ઇજે છે. જે શખ્સ અમર, નુરમંદ (તથા) તેજ ઘોડાવાળા ખોરશેદને ઇજે છે (તે ગોયા) તમામ મીનો તથા ગેતીના યજદોને ખુશાલ કરે છે."

[એરવદ ડા. એ. કાંગાનો તરજુમો.]

ખોરશેદ નીઆએસ કરવાના ફાયદા પુષ્કળ છે. પેહેલું તો એ કે આ નુરી કુબલો જે ખોરશેદનુ રહેઠાણુ છે તે આખી દુનિયાંને જીવનશક્તિ આપે છે, તેથી એની બંદગીમાં હંમેશ મશગુલ રહેનાર, પોતે જાણે કે ન જાણે તોપણ, ખોરશેદની અંદરથી જીવનશક્તિ ખેંચી પોતાને માટે તાજગી મેળવે છે; તે તંદરોસ્તી મેળવે છે, તે અમશાસ્પંદો અને યજદોની સાથે આ દુનિયાં ઉપર આશીર્વાદ પાંથરવામાં હમશરીક થાય છે; તે પોતાની મીનોઈ વૃદ્ધિને આગળ વધારે છે, તે ખુદા તરફ જાનફેશાની વધારે છે; તે જુદા જુદા સેતરાઓ જે તેની પોતાની સાથ ગુપ્ત રીતે સંબંધ ધરાવે છે તે તથા જગતમાં હસ્તી ધરાવે છે તેઓ તરફથી ફાયદો મેળવે છે; તે પૃથ્વિ ઉપરની બદીઓ, બુરાઇઓ, ઇત્યાદી દુર કદી સફાઈ પાંથરવામાં પોતાનો હીસ્સો આપે છે, ઇત્યાદી.

મેહર નીઆએસનો મોટો ભાગ લગભગ **ખોરશેદ નીઆએસને** મલતોજ હોવાથી તે ભણવાના ફાયદા વિષે અત્રે વધુ જણાવવાની જરૂર નથી; તોપણ આ ઠેકાણે એટલું તો જણાવવું જોઇએ કે આ યજદ, બુદ્ધી અથવા ડહાપણ ઉપર મવકુલ હોવાથી, માણસ એની આરાધણા કરવાથી પાધરી કે આડકતરી રીતે પોતામાં બુદ્ધી યાને ડહાપણનો વધારો કરી શકે.

આતશ નીઆએશ.

આતશ નીઆએસ જો કે દરરોજ ભણવાની ફરજીયાત નથી, તે ચાર હમકારા—અર્દીબેસ્ત, આદર, સરોષ, બેહરામ રોજે—ભણવામાં આવે છે, તોપણ દરરોજ ભણવામાં ખોટું કાંઈ નથી. આ નીઆએશ આત્માની

આરાધના જેવી છે. એના ફાયદા એજ નીઆએશમાં દર્શાવવામાં આવ્યા છે. આ નીઆએશ ભણવાથી દીનદાર જરથોસ્તીઓનું ખોરેહ ઝલકાટમંદ થાય છે, તેની મોટાઈ વધે છે, તેનો મરતબો વધે છે; તેની અંતરરોશની વધે છે, તેને અમગાંને લગતી બક્ષેશો મલે છે, તેની જુઆનની ફેસાહત વધે છે, તેનાં રવાનની હુશીયારી વધે છે, તેને જ્ઞાન વધે છે, તેની ચાલાકી વધે છે, તેને ત્યાં ફરજંદો અક્કલમંદ પેદા થાય છે. તેની કરણી સુધારવાથી તેને અંદરથી તેના ઉસ્તાદ (આત્મા) તરફથી બસારત અને તે નહીં તો રાસ્તીના માર્ગપર ચાલવાને ફરમાનો મલતાં જાય છે. ગાય ઢોરો અને કુટુંબની આબાદાની વધે છે, ઇત્યાદી.

ખોરશેદ અને મેહર નીઆએસો દીવસમાં ત્રણ વાર—હાવન ગેહ, રપીથવન ગેહ, અને ઉજીરન ગેહમાં—ફરજીયાત ભણવાનું જણાવવામાં આવ્યું છે અને આતશ નીઆએશ પાંચે ગેહમાં કોઇભી વાર ભણી શકાય એમ છે. પણ આજે આપણે એક એવા જમાનામાં રહીએ છીએ કે જેમાં આપણા સંસારની હાજતો પુષ્કળ વધારી મુકવામાં આવી છે, જે હાજતો પુરી પાડવા જરથોસ્તીઓમાં આમ લોકોને દીવસનો મોટો ભાગ રોકાવું પડે છે. તેથી રપીથ્વન અને ઉજીરન ગેહમાં ઉપલી નીઆએશ ભણવાનું માત્ર થોડાજ જરથોસ્તીઓથી બની શકે છે. બાકીનો આખો ટોળો કામ ધંધામાં રોકાઈ જાય છે. તોપણ જેઓથી બને તેઓ મનમાં, જો નીઆએશો ભણવાનું નહીં બને તો માત્ર મોટી ગેહ, અને મોટી ગેહ પણ નહીં બને તો બે ચાર લાઇનની નાની ગેહ, અને ગાથાનો એકાદ ફકરો બપોરે બરોબર બાર વાગે, અને બપોર પછી ત્રણ વાગે ભણે તો, તે બની શકે એમ છે. આમ કહેવાની મારી મતલબ એ છે કે 'બંદગીની દોરી' તુટયા વગર ચાલુ રહે. દરેક ગેહ 'સંધી' કહેવાય છે, એટલે બે વખતને સાધનારી કડી છે, જેથી તે બે પોહરને જોડનાર વખતે કાંઈ પણ બંદગી મનમાં પણ કરી લેવી ઘણો ફાયદો કરે છે. જો કાંઇજ નહી બને તો આ બાબદની નીચે આપેલા ફકરાઓ જે ગાથાના છે તે મનમાં ભણી જવામાં કાંઈ પણ મુશકેલી નડશે નહીં.

બપોરે બાર વાગે.

નાની રપીથવન ગેહ અને ગાથાનો નીચલો ફકરો મનમાં ભણવો :—

યે જઓતા અષા એરેજ્જૂશ હવો મન્યેઉશ આ વહિશ્તાત કયા
અહ્રાત અવા મનંઘહા યા વેરેજયેઇધાઈ મન્તા વાસ્તરયા
તા-તોઈ ઈજિયા અહુરા મજદા હરશ્તોઇસ્ચા હેમ-પરશ્તોઇશ્ચા.

[અહુનવદ ગાથા, હા ૩૩, ફ. ૬]

"ખાલેશ પરસ્તેશ કરનાર તરીકે રાસ્તીની મારફતે તથા ઘણીજ નેક નયતથી, (અએ હોરમજ્દ) તુંને હું પોતે હરદમ યાદ કરૂં છું, કે તેથી (મારી) મુરાદ મુજબ ધારેલું કામ હું પાર પાડું. (તારીથી) અએ હોરમજ્દ! (નીચે જણાવેલી) આએ બે ચીજ હું માંગું છું—(૧) તારાં દર્શન, (૨) દીન બાબે તારી સાથે વાતચીત."

[એરવદ કા. એ. કાંગાનો તરજુમો.]

બપોરે ત્રણ વાગે.

નાની ઉજીરન ગેહ અને ગાથાનો નીચલો ફકરો મનમાં ભણવો:—

આ-માંમ આઈદુમ વહિસ્તા આ ખએથ્યાચા મજદા દરેષતચા
અષા વોહૂ મનંઘહા યા સૂયે પરે મગાઉનો
આવિશ-નાઓ અન્તરે હેન્તુ નેમખઈતીશ ચિથ્રાઓ રાતયો.

[અહુનવદ ગાથા, હા ૩૩, ફ. ૭.]

"તું પોતે, અએ હોરમજ્દ! મારી આગલ આવ; તથા ધર્મ ઉપર એતેકાદ રાખનારા માણસોની નજદીક રાસ્તી તથા નેક મનશનીને લીધે હું જે જણાએલો છું (તેને) (મારા હકમાં) જે કાંઈ સઉથી સરસ તે મને તું શિખવ.

હમારી બંદગીને લગતી ભેટો (તારી હજુરમાં) જાહેર (તથા) આશકારા થાય (એવું હમો ઈચ્છિયે છીયે.)

[એરવદ કા. એ. કાંગાનો તરજુમો.]

સમી સાંજે સૂર્યાસ્ત વેળા.

નાની અઇવેસ્રુથ્રેમ ગેહ અને ગાથાનો નીચલો ફકરો મનમાં ભણવો:—

ફ્રો-મોઈ ફ્રવોઇજદૂમ અરેથા તા યા વોહૂ ષવાઈ મનંઘહા
યસ્નેમ મજદા ક્ષમાવતો અત્ વા અષા સ્તઓમ્યા વચાઓ
દાતા વે અમેરેતાઓસચા ઉતયૂઈતી હઉર્વતાસ દ્રઓનો.

[અહુનવદ ગાથા, હા ૩૩, ફ. ૮.]

"મૂળ નેમ (શું છે તે) મને તું જણાવ, જેથી કરીને નેક નયતથી, અએ હોરમજ્દ! તારા જેવાની આરાધના, તેમજ તારી કીર્ત્તિના સખુનો અંતઃકરણથી હું જારી રાખું. (તારી મેહેરબાનીની) ભેટ તરીકે ખોરદાદની તથા અમરદાદની નીબથુકની બક્ષેશ તું (મને) આપ."

[એરવદ કા. એ. કાંગાનો તરજુમો.]

રાત્રે બીછાનાપર જતી વેળા.

નાની અષ્હવેશ્રુથ્રેમ ગેહ અને નીચલો ગાથાનો ફકરો મનમાં ભણવો:—

યશ્તે વીસ્પે-મજિસ્તેમ સેરઓષેમ જબયા અવંઘ હાને
અપાનો દરેગો-જ્યાઈતીમ આક્ષથ્રેમ વંઘહેઉશ મનંઘહો
અષાત આ એરેજ્રુશ પથો યએષૂ મજદાઓ અહુરો ષએતી.

[**અહુનવદ ગાથા**, હા ૩૩, ફ. ૬.]

"બધા (યજદો) માં સૌથી સરસ (એએ હોરમજ્દ) .(જે) તારો સરોષ યજદ (**તે**) ને (મારી) મદદને માટે હું અરજ કરીને બોલાઉ છું. નેક મનશાનીનાં રાજ્યમાં લાંબી જીંદગી હમુને તું હાંસેલ કરાવ (યાને નેક મનશ્ની સાથે હમો લાંબી જીંદગી ગુજારયે એવું કર; કોઈ જાતના બુરા વિચારો હમારા મનમાં દાખલ નહીં થાય) તથા (**હમારી**) રાસ્તીને લીધે નીતિના માર્ગો જેમાં હોરમજદ રહે છે (તે) તરફ હમુને તું પોંહોચાડ."

[એરવદ કા. એ. કાંગાનો તરજુમો.]

બંદગી વેળા આસપાસ શાંતી રાખવાની જરૂર.

બંદગી કરવાનું કામ શાંત મનનું છે. તેથી **આમદાદ**ની બંદગી કરવા આગમચ કે તે બંદગીના દરમિયાનમાં આપણા પોતાના સ્વભાવમાં એવો ફેરફાર થવો ન જોઇએ કે જેથી બંદગીના કામમાં ખલલ પોહચે; તેમજ બની શકે તો આપણી આસપાસ પણ એવી હીલચાલો કે ગડબડાટ નહીં થાય તેની સાવચેતી રાખવી, કે જેથી આપણા પવિત્ર અને અશો કામમાં ખલલ ન થાય.

નાસ્તો.

વળી આજની વૈધક વિધાએ સ્વીકારેલી બીના એ છે કે કોઈ પણ ખોરાક લીધા પછી મગજ ઉપર લોહીનું દબાન થાય છે. ખોરાક લીધા પછી મગજ બંદગી કરવાના કામને નાલાયક થઈ પડે છે. તેથી નાસ્તો કે ચાહ લેવાનું કામ બંદગીથી ફારેગ થયા **પછીજ** થવું જોઇએ. તેમજ નાસ્તો કે કોઈ પણ ખોરાક સાદો અને સત્વગુણી હોય તો આપણા સદ્દગુણો જે સ્પેન્તમેન્યુને લગતા છે, તે ખીલવવામાં મદદ કરે છે; અને દુર્ગુણો, હવસો, ઇત્યાદી જે અંધરેમેન્યુની પેદાયસ છે, તેને દાબી દેવાના કામમાં ઓછી મુશકેલી નડે છે. પણ તામસ ગુણી ખોરાકથી આપણી મીનોઈ વૃદ્ધિમાં હરકત નડે છે, તેથી બનતાં સુધી એવો ખોરાક તરક કરવાથી આપણી તંદરોરસ્તી જાલવાવા સાથ રવાનને ફાયદો થાય છે, કારણ કે ખોરાકની અસર શરીરપર થાય છે અને શરીરની અસર મનપર થાય છે અને મનની અસર પાછી તનપર તેમજ રવાનપર થાય છે.

વર્ત્તમાન પત્રો.

આજે વર્ત્તમાનપત્રો વાંચવાની જરૂર ખોરાક જેટલી અગત્યની થઈ પડી છે. તોપણ તે નાસ્તાની કે બંદગીની આગમચ તો વાંચવાં ન જોઇએ, કારણ કે વર્ત્તમાનપત્રોમાં સંખ્યાબંધ બાબદો આવે છે, અને તેમાંની કેટલીક દીલ ઉસકેરનારી બાબદો હોય છે, તેથી તે વાંચ્યા પછી મનની હાલત જેમ બંદગી કરવાને નાલાયક થઈ પડે છે, તેમજ દીલ ઉસ્કેરાયલી હાલત નાસ્તો પચવાને માટે પણ નાલાયક થઇ પડે છે, એવું વૈદક શાસ્ત્રીઓ અને દાક્ટરો પણ કહે છે. એટલા માટે વર્ત્તમાનપત્ર વાંચવાનો વખત બંદગી અને નાસ્તા પછીનોજ હોવો જોઇએ. વળી ખુદાને ઠગનારા નહી પણ આખો દીવસ બંદગીને અનુસરીને પ્રમાણીકપણે અમલ કરનારા રહેવા માટે મનને અને આચાર વિચારને તે પ્રમાણે કેળવવાનું કામ આપણે માથે લીધેલું હોવાથી, વર્ત્તમાન પત્રોમાંથી આપણને જે એવી રીતે જીંદગી ગુજારવાના કામમાં મદદ કરે અથવા લાભકારક જણાય તેવુંજ અને તેટલુંજ વાંચવું—ખાલી ઢાહેલાં કે પીજન ઉપર કે જીવ ધડકાવનારી કે દીલ ઉસ્કેરનારી બાબદો ઉપર કીમતી વખત ગુમાવવો નહી. અલબત દુનિયાંમાં શા શા બનાવો બને છે તે વિષે આજે માહીતગાર રહેવાનુ અવશ્યનું ગણાતું હોવાથી એક વર્ત્તમાનપત્ર વાંચવું સારૂં છે, પણ તે એવી રીતે વાંચવું જોઇએ કે તેમાંનો કોઈ વિચાર આપણી મીનોઈ વૃદ્ધિમાં હરકત કરવા દીવસે પાછો આપણા મન ઉપર આવી અથડે નહીં.

પશ્ચિમમાં પણ જે વિદ્વાંનો શોધો કરે છે તેઓ અમુક બાબદ ઉપર એકાગ્રચિત્તે વરશો સુધી મનન કરવાથી ફત્તેહ મેલવે છે. જરથોસ્તી ધર્મનું ફરમાન વિચારોને સ્વચ્છ રાખવાનું છે, પણ મન સ્વચ્છ હોયા વગર વિચારો સ્વચ્છ હોતા નથી. મન સ્વચ્છ હોય તો મજબુત હોય, મજબુત હોય તો એકાગ્ર થઈ શકે. પણ એક કલાકમાં સેંકડો ચીજો ઉપર દોડતું મન ડગમગતુંજ ગણાય, અને જે મન ડગમગતું હોય તે તરેહવાર જાતના વિચારોથી ભરેલું, અને તેટલા માટે નબળું જ કહેવાય. તેથી વર્ત્તમાનપત્રોની આપણને લાભકારક થોડીજ બાબદો વાંચી લેવાથી જેટલો ફાયદો થાય છે, તેટલો સઘલીજ બાબદો વાંચવાથી થતો નથી.

ઉદ્યોગ.

આ દુનિયાંમાં જન્મ લીધો એટલે ઉદ્યોગ અને ધંધો રોજગાર તો કરવો જોઇએ. જેની પાસે જરની જોગવાઈ હોય, તે પોતાની જીંદગી અશોઇના તરીકા મુજબ ગુજારી શકે, અથવા તો તે પોતાનો સઘલો વખત મીનોઈ જ્ઞાન

મેળવી તે લોકોને આપવામાં કહાડી શકે. સંસારમાં રહી એનાથી બીજી વધારે ઉંચી જીંદગી ગુજારવાની નથી. એવા પુરૂષો દુનિયાંમાં રહી ખુદાની જે સેવા બજાવે છે તેની કીમત થતી નથી. તેનો બદલો પણ ગેતી અને માનોઇમાં ઉંચામાં ઉંચો છે, જે જાહેર થતો નથી.

યથા આત ઉતા ના વા નાઈરી વા વએદા હઈથીમ, અથા હત વોહૂ તત એ એ આહૂ વેરેજ્યોતચા ઈત અહાઈ ફ્રચા વાતો યોતૂ ઈત્ અયો-ઈઅયો યોઈ ઇત અથા વેરેજ્યાન યથા ઇત અસ્તી.

["મોટી હપતન યશ્ત," ક. ૧ (૬)]

"વળી નર યા નારી સારી બાબદો (મીનોઈ જ્ઞાન) ખરેખર જાણતાં હોય તો તે જાહેર કરે, (તે ઉપર) પોતે અમલ કરે, અને બીજાઓ જેઓ ઘટતી રીતે તે પ્રમાણે ચાલે, તેઓને તે શાખવે."

[એરવદ કા. એ. કાગાંનો તરજુમો.]

અત્જી તોઈ વક્ષ્યા મજ્દા વીદૂષે જી-ના મ્રુઆત
હ્યત અકોયા દ્રેગ્વાઈતે ઉશ્તા યે અષેમ દાદ્રે
હવો જી માંથ્રા વ્યાતો યે વીદૂષે ઉવઈતી.

[વોહુક્ષથ્ર ગાથા, હા ૫૧, ફ. ૮]

"અએ હોરમજ્દ! તારા (માથ્ર) (લોકોમાં) ખચીત હુ જાહેર કરીશ; કારણ કે (દીનદાર) માણસે સમજુ શખ્સને જણાવવું જોઈએ કે (સેવટે) બુરાને માટે શિક્ષા (છે), તથા જે કોઈ રાસ્તી ને ટેકો આપે છે (તેને માટે) સુખાકારી (છે), વળી જે કોઈ ડાહ્યા સમજુ માણસને માંથ્રની ખુબીઓ સમજાવે છે, તે પોતે ખચીત ખુશાલ (હોય છે.")

[એરવદ કા. એ. કાગાંનો તરજુમો.]

આ ઉધોગ ઊંચા પ્રકારનો છે, પણ એના ફાયદા એવા છે કે કદાચ આ દુનિયાંમાં માણસને તે નહીંબી જાણ પડે; તો જો કે અશો જીંદગી ગુજાર-નારાઓમાંના વિચારવંત માણસોને તેનો ભાસ થયા વગર રહેતો નથી. આ ફાયદો મેળવનારાઓમાં ધર્મગુરૂઓ અને ધર્મના પવિત્ર સબક આપનારાઓ આવી જાય છે. પણ તેઓજ કે જેઓ પોતાના કાંઇ પણ લાભ, માન, નામ કે દામ મેળવવા ખાતર કામ કરતા નથી, પણ માત્ર ખુદાની સેવા માટેજ પોતાની જીંદગી અર્પણ કરનારા હોય.

હવે સંસારી ઉધોગ ઉપર આવીએ. દરેક માણસ જ્યારે જન્મ લે છે ત્યારે તેને જીવવું તો જોઇએ; જીવવું જોઇએ ત્યારે ગુજરાન તો ચલાવવું જોઇએ; અને ગુજરાન ચલાવા માટે તેને કોઇના ઉપર બોજો થઈ પડવું ન જોઇએ— એટલા માટે સર્વે કોઇને ઉધોગ કરવો જોઇએ. જે શ્રીમંત પાસ જર હોય

અને તેનામાં ઉપર મુજબ જીંદગી ગુજારવાની શક્તિ ન હોય તો તેને પણ સંસારમાં ઉદ્યોગ કરવો જોઇએ, કારણ કે જરથોસ્તી ધર્મ તથા સંસારની આડે નહીં આવે એવા કોઈ પણ જાતના પ્રમાણીક ઉદ્યોગમાં રોકાવાથી (૧) મનમાં ખરાબ વિચારો આવતા અટકે છે; (૨) દુનિયાંમાં ઘણાં ભલાં કામો કરવાને શક્તિવાન થવાય છે; (૩) સખાવતનાં કામો થઈ શકે છે; (૪) માણુસ જાતની ઉપરનું દુ:ખ ટાળવામાં મદદ કરી શકાય છે, ઇત્યાદી, ઇત્યાદી. પણ એક શ્રીમંત જો મન મારનાર હોય, પોતાને મન ગમતાં એશ આરામ તરક કરનાર હોય, તે અશોઇના માર્ગ ઉપર ચાલનાર હોય, અને તેની નજર આદમ જાતના દુ:ખ તરફ ચોંટી હોય તો તે પણ બેઉ જેહાનના એટલા ફાયદાઓ હાંસલ કરી શકે કે જેનું વર્ણન થઈ શકે નહીં—તે અમશાસ્પંદો અને યજદોનો હમશરીક થાય. અમશાસ્પંદો અને યજદો જગતના ભલાં માટે કામ કરે છે, પણ સંસારમાં તે કામ કરવા માટે તેમને માણુસ જોઇએ છે, કે જેની મારફતે તેઓ તે કામ બજાવે. એટલા માટે જો માણુસ અશો જીંદગી ગુજારે તો તે તેમના પ્રતિનિધી જેવો થઈ રહે, અને તેથી તેની મારફતે તેઓ પોતાના ભલાં કામો બજાવે.

પણ સર્વે જરથોસ્તીઓએ તો ઉદ્યોગ કરી, ખેતી કરી, ધંધો રોજગાર કરી, અને તે નહીં બને તો કોઈ ભલાં જનોની સેવા કરી પોતાનું ગુજરાન પોતાને હાથે કરી લેવું જોઇએ. જરથોશતી ધર્મ સાથ ખેતીવાડીનો હુન્નર અતિ અગત્યનો સંબંધ ધરાવે છે, જરથોસ્તી ધર્મનો એક ભાગ એજ હુન્નર ઉપર રચાયલો હતો, એ ધર્મનો એક ભાગ ખેડુત પ્રજા માટેજ જાહેર થયો હતો, કારણ કે ખેતીવાડી માણુસનો જીવનગારો છે. આપણુ એવા સંજોગો વચ્ચે રહીએ છીએ કે ખેતીવાડીના ફાયદા જાણુવા માટે આપણુને જોઇએ તેવી જોગવાઇ મળતી નથી, કારણ કે આપણી પ્રજાનો સંબંધ લગભગ તેથી છુટો થઈ ગયો છે. ખેતીવાડીમાં, જો સરકાર માયાળુ હોય તો, પ્રજા ભુખે મરે નહીં—તેને અરધી રોટી પણ મળે. પણ ખેડુતોની સંખ્યા અને ખેતીનો વિસ્તાર ખેતી ખાનારોની સંખ્યા અને વિસ્તારને પુરતાં ન હોય તો પૂરતો ખોરાક અને પુષ્ટી આપનારો ખોરાક કયાંથી મળે? જરથોસ્તીઓમાં જો પુરતો ખોરાક અને પુષ્ટી આપનારો ખોરાક નહીં મળતો હોય તો તેઓએ પોતાની ખેતી પોતાને હાથે બનાવવાને મંડવું જોઇએ.*

ખેતીવાડી પછી વેપાર ધંધો આવે છે. પ્રમાણીકપણે વેપાર ધંધો

---

* આજે જરથોશતીઓ માટે "નોકરી" ની હાલત ગુલામગીરી કરતાં વધારે ખરાબ થઈ પડી છે. જ્યારે આજે જરથોશતીઓ સારૂ ખાસ તેવી નોકરી માટે દરવાજા બંધ થતા જાય છે, ત્યારે તેઓનુ ધ્યાન આ તરફ કાં નહીં ખેંચવામાં આવે?

કરવાથી માત્ર સંસારીજ ફાયદા થાય છે એમ નથી, પણ તેથી ધર્મને લગતા ફાયદા પણ થાય છે. સખાવતની જેટલી રકમ એક વેપારીથી કહાડી અપાય એટલી નોકરી કરનારથી કહાડી અપાતી નથી, અને જ્યારે આ દુનિયાંમાં સખાવતની કીંમત અંતઃકરણ કરતાં પૈસાની રકમ પ્રમાણે અંકાય છે, ત્યારે આવી સખાવત અગત્યની થઇ પડે છે. તો જો કે એક ગરીબ પોતાની ગુંજાસ મુજબ ખરાં અંતઃકરણથી થોડી પણ સખાવત કરે તે, મીનોઇ કાયદે જોતાં, વધારે મોટી ગણાય છે. વળી ધંધા રોજગારમાં અને ઉદ્યોગમાં મન રોકાયલું રહેવાથી તેટલો વાર ખરાબ વિચારો આવતા અટકે છે; કુટુંબનો અને સંસારનો વહેવાર સેહલાઇથી ચલાવી શકાય છે, ગરીબ સગાં સ્નેહીઓને મદદ કરી શકાય છે, ઇત્યાદી.

જરથોસ્તી કોમનો મોટો ભાગ આજે નોકરી કરી પોતાનુ ગુજરાન કરે છે. કોઇની ઉપર બોજો નહી થઇ પડવું એ ગોયા જરથોસ્તી ધર્મનું ફરમાન હોય એવો એક ભલો વિચાર ટોળામાં ચાલુ હોવાથી પોતાના ગુજરાન માટે કોઇની ઉપર બોજો થઇ રહેવા કરતાં કાંઇપણ ઉદ્યોગ કરી પોતાનું ગુજરાન સ્વતંત્રપણે કરવાનો રેવાજ અસલથીજ ચાલુ છે. આથી જરથોસ્તી ટોળામાં જેટલા પ્રમાણમાં ખરેખરી ગરીબાઇ વાસો કરતી હોય તેટલી પણ બહાર જણાતી નથી, અને તેજ કારણને લીધે "જરથોસ્તીઓમાં ભીખારી નહી" એ કેહવત દુનિયાંમાં જાણીતી છે. એટલા માટે કોઇની ઉપર બોજો થઇ પડવા કરતાં ગમે તેવો ધંધો કે નોકરી કરી પોતાનું ગુજરાન કરવું સારૂં છે. ઉદ્યોગી માણસ કોઇનો ઓશીયાળો રહેતો નથી. એના બીજા સંસારી ફાયદા ઉપરાંત જે એક મીનોઇ ફાયદો થાય છે તે એ કે તે સ્વતંત્ર હોવાથી કોઇની મરજીને તાબે થવાને બદલે પોતાની મીનોઇ વૃદ્ધી માટે પોતાના અંતઃકરણમાંથી આવતી ખુદાઇ સુચનાઓને અનુસરીને પોતાની જીંદગી ગુજારી શકે છે. પરતંત્ર રહેવામાં આપણને ઓશીયાળાં રહેવાથી જરદારોની મરજીને કેટલીક વાર શરણ થવું પડે છે, અને ધર્મના કાનુનો પણ તોડવા પડે છે. તેનો એક દાખલો:—

એક ગરીબ વીધવા પોતાના બચ્ચાં સાથ એક ચાલમાં રહેતાં હતાં. તેમને તે ચાલના માલેકે ઓછે ભાડે રહેવા દીધાં હતાં. પણ ચાલના ધણી "સુધારાવાળા" હતા તેથી પેલી વીધવા જ્યારે માસીક હાલતમાં દુર બેસતાં હતાં ત્યારે ઘરધણી ધમકી આપતા હતા કે એવો "દેખાવ" કરશે તો એ ચાલમાં રહેવા દીધામાં આવશે નહી. એ અને એવાજ બીજા દાખલાઓમાં દીનદાર ગરીબ જરથોસ્તીઓની મરજીનો કાબુ બીજાંઓ લે છે,

જેઓને અહુનવદ ગાથામાં મીનોઇ (ખુદાઇ) જીંદગીનો નાશ કરનારા ગણ્યા છે:—

તઐચીત મા મોરેન્દેન જ્યોતૂમ યોઈ દ્રેગવતો મજિબીશ ચિકોઈતરેશ અંઘઉહીશ્ચા અંઘહુવશ્ચા અપયેઈતી રએખેનંઘહો વએદેમ યોઈ વહિશ્તાત અષાઉનો મજદા રારેષ્યાન મનંઘહો.

[અહુનવદ ગાથા, હા ૩૨, ફ. ૧૧.]

"મારીથી (ભોગવાતી) જીંદગી ગુજારવાની રીતીને તે શખ્સો ખરાબ કરે છે જેઓ બુરાઓને મોટા ગણે છે, શેઠો અને શેઠાણીઓની દોલતનો કબજો મેલવે છે.) (તથા) જેઓ રાસ્ત (માણસો) ને સૌથી નેક વિચારથી પાછા રાખે છે. (યાને તેઓના દીલમાં દીનના ફરમાનો બાબે વસવસો ઉત્પન્ન કરીને બુરા વિચારો પેદા કરે છે)."

[એરવદ કા. એ. કાગાંનો તરજુમો.]

જરથોસ્તી ધર્મનો મૂળ પાયો અશોઈ ઉપર રચાયલો છે, અને માણુસના ખોરેહને અશો રાખવાની તેમાં ખાસ ગોઠવણો થયલી છે, જે તેના ફાયદાકારક રીવાજોમાં આપણુ જોઇએ છીએ.

માસીક હાલતમાં દુર બેસવામાં વૈધક વિધાને જણાયલા સબબો ઉપરાંત ખોરેહની જાલવણી અને ગર્ભસ્થાનના પદાર્થો બીજા સબબો છે. ખોરેહની જાલવણી માટે **જરથોશતી રાહબર** સફે ૨૭૫–૨૯૭ માં પુરતો ખુલાસો કીધો છે. ગર્ભસ્થાનના પદાર્થ સંબંધી આ ઠેકાણે કાંઈ કહી શકાતું નથી કારણ કે બાબદ ઘણી નાજુક છે. તોપણ આટલું કહી શકાશે કે એ પલીદી સાથ જાદુઈ શીહા હુનરને સંબંધ છે, અને એની પરહેજી જાલવવામાં ખામી પડયાથી ઓરત જાતને ઘણા માંઠાં પરિણામો સોસવાં પડે છે, અને તેઓ ઘણાક દુઃખ દરદોનાં ભોગ થઈ પડે છે.*

. . . .

પણ એક ગરીબ માણુસ પરતંત્ર રહેવા કરતાં નોકરી કરીનબી પોતાનું અને પોતાના કુટુંબનું ગુજરાન કરે તો તે સ્વતંત્ર રહી શકે છે, એટલુંજ નહીં, પણ સંસારમાં આબરૂ-દરકારથી રહી શકે છે. તે પોતે પોતાની હાજતો માટે કોઇનો મોહતાજમંદ રહેતો નથી, અને થોડે ઘણે દરજ્જે પણ સ્વતંત્ર રહેવાથી પોતાની મરજી મુજબ પોતાનો ધર્મ પાલી શકે છે, અને પોતાની મીનોઈ વૃદ્ધિ આગળ વધારી શકે છે.

---

* જુઓ "માસીક હાલતવાળી ઓરતોને દુર બેસવાની જરૂર," આવૃતી ત્રીજી. રચનાર એક જરથોશ્તી.

ફુરસદનો વખત કેમ ગાળવો?

દીવસના ઉદ્યોગમાંથી ફારેગ થયા પછી આપણા લોકોમાં સાંજનો વખત માણસની વલણ અને આચાર વિચાર પ્રમાણે, રમત-ગમતમાં કે ટોળ-ટપ્પામાં યા એવીજ કોઈ કલબોમાં પસાર કરવામાં આવે છે. હવે મનનો સ્વભાવ એવો છે કે તેને જે ચીજમાં મજાહ મેલવવાની ટેવ પાડી હોય તેમાં તે મજાહ માની લે છે. કોઈ ક્રીકેટ રમવામાં, કોઈ ખાવાપીવામાં, કોઈ ટોળ-ટપ્પામાં, કોઈ રંગ રાગમાં, કોઈ અભ્યાસ, ઈત્યાદીમાં મોજ સમજે છે. સૌ સૌની વળાણ પ્રમાણે માણસ રસ્તો લે છે. તેથી જો જરથોસ્તી ભાઇઓ અને બેહનો ફુરસદના વખતે ધર્મપુસ્તકોનો અભ્યાસ કરવામાં મજાહ મેલવવાની ટેવ પાડે તો તેના ફાયદા હું અત્રે વિસ્તારી શકતો નથી. જીંદગીમાં ફુરસદનો વખત ગાળવાને એના કરતાં વધારે ઉંચું બીજુ કોઈ સાધન નથી,—બલકે એક બારગી એમ કહીયે તો ચાલે કે જન્મ લેવાનો ખાસ હેતુજ ખુદાને પીછાનવાનો હોવાથી તેની પીછાન માટે ધર્મનો અભ્યાસ કરવાને બની આવે એટલો વખત ફાજલ પાડવો જોઇએ. જો કોઈ તરફથી એવો સવાલ કરવામાં આવતો હોય કે, "આખા દીવસના થાકેલા પરાગેલા બે ઘડી રમત-ગમતમાં મજાહ નહીં મેલવીયે કે?" તો તેનો નમંતાઈ ભરેલો જવાબ, જેઓ આખો દીવસ સંસારમાં મગજનું કામ કરનારા હોવા છતાં, ફુરસદનો વખત પણ ધર્માભ્યાસમાં કહાડે છે તેઓને પુછવાથી માલમ પડશે. તેઓ જણાવે છે કે સંસારના કામોમાં મનશક્તિ આખો દિવસ રોકેલી રાખવાથી કંટાલો આવવા છતાં, સાંજે એક બે કલાક ધર્મના અભ્યાસમાં કે ધર્મને લગતી વાતચીતમાં રોકવાથી તેમને ગોયા આસાએસ મલી હોય એમ લાગે છે. તેનું કારણ એજ કે માત્ર મનની વૃત્તિમાં ફેરફાર થવાથી મનને આસાએસ જેવું લાગે છે. અને વળી ધર્મનો અભ્યાસ અંતઃકરણને રાહત આપનારો હોવાથી એક જાતની એવી અંતર ખુશાલી પેદા કરે છે કે તેની મોજનો સંસારી રમત ગમતમાં કે ખાન-પાનમાં મોજ સમજનારાઓને ખ્યાલ વટીક નહીં આવે. એજ કારણને લીધે જેઓ આ અભ્યાસમાં ગુતેલા છે તેઓ એ ખ્યાલમાં એટલા ચકચુર બની જાય છે કે તેઓને કેટલીકવાર પોતાની આસપાસ શું બને છે તેની ખબર વટીક પડતી નથી; તેઓ પોતાનાં સંસારી સંકટો ભુલી જાય છે; અને કેટલીકવાર તો એટલી હદ સુધી તેઓ આ કામમાં ડુબી જાય છે કે તેમના જ્ઞાનતંતુઓ ઉપર હદ બહાર બોજો આવી પડવાથી તેમની તદનરોસ્તી બગડી જાય છે તેની પણ તેઓને ખબર કે દરકાર રહેતી નથી. આ ઉપરથી જોઈ શકાશે કે એક દારૂ પીનારને દારૂથી જેમ મોજ મલે છે, અને એક વાર દારૂ મલ્યો તો તે ફરીથા પીતે તેની

મસ્તીમાં ચકચુર બને છે, તેમ આ અભ્યાસી પણ મીનોઈ જ્ઞાનની મસ્તીમાં આનંદ મેલવે છે. તફાવત માત્ર એટલોજ છે કે પેહેલાનો હોશ જ્યારે ઉંધો પડે છે, ત્યારે બીજાની હુશીયારી વધતી અને વધતી જાય છે. એટલા માટે મીનોઇ જ્ઞાનને સુફીઓએ "શરાબ" ની ઉપમા આપી છે.

તોપણ આટલી વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે આપણામાં જે એહેરેમન છે તે હંમેશાં ભલાં કામમાં અટકાવ નાખ્યા કરે છે; તેથી વારેવાર આપણા મનમાં આ અભ્યાસ માટે આળસાઈ કે અણગમો ઉત્પન્ન થાય છે, અને શરૂઆતમાં તો કદાચ ખચીતજ તેમ થાય. જરા જેટલુ નજીવું બહાનુ મલવાથી આ અભ્યાસ ચુકાવાનું મન થાય છે, અને એક દીવસ ચુકવા દીધો તો કદાચ પછી લાંબા વખત સુધી તે પાછો હાથ ધરવાનુ મન થતું નથી. એટલા માટે જેમ શરીરના પોષણ સારૂ ખોરાકની જરૂર વિચારવામાં આવેછે તેમ રવાનનાં પોષણ સારૂં મીનોઇ જ્ઞાનની અવશ્ય જરૂર માનવી. એમ વિચારી તેની પાછલ ખંતથી મંડવું. તેનો બદલો જરૂર મલ્યા વગર રહેતો નથી, અને થોડા વખતમાં તેથી ઉપર કહ્યા મુજબની ખુશાલી લાગવા માંડશે.

આથી માલમ પડશે કે મીનોઈ જ્ઞાનનો યા ધર્મ પુસ્તકોનો અભ્યાસ કરવાથી ઘણા ફાયદા થાય છે:—

(૧) થાકેલા જીવને આસાએસ મળે છે,
(૨) રવાનને પ્રકાશ મળે છે,
(૩) અક્કલ હુશીયારી વધે છે,
(૪) જીંદગીમાં જીવેલું પ્રમાણ થાય છે,
(૫) સંકટમાં સબુરી મળે છે,
(૬) દુઃખ ભુલી જવાય છે,
(૭) ખુદાની વધારે નજદીક જવામાં મદદ મળે છે,
(૮) પાપમાંથી છુટકો થાય છે,
(૯) ખુદાઈ જ્ઞાન મળે છે,
(૧૦) મરણ પછી ઉંચું બેહેશ્ત મળે છે,

ઈત્યાદી, ઈત્યાદી, ઈત્યાદી.

કલબો.

પારસી જુવાનોમાં આજે કલબો સ્થાપવાનુ કામ સાધારણ થઇ પડયું છે. "કલબ" ઇંગ્રેજોની નકલ છે, અને તેની નેમ આસાએશને બહાને માત્ર રમતગમત અને મોજમજાહ કરવામાં સમાયલી છે. ઉમરે પોહોંચેલા માણસો માટે એવાં મંડળો જેટલાં વાંધાં ભરેલાં ગણાતાં નથી તેટલાં જુવાન માણસો

માટે તે ગણાય—તે નુકશાનકારજ ગણાવાં જોઇએ. કારણ કે મેહેનત અને પૈસા ખરચાવાનાં પ્રમાણમાં ફાયદો થતો નથી, પણ ઓર નુકશાન થતું જોવામાં આવે છે. ઈંગ્રેજો અને બીજા દેશીઓ, જેઓ મોટા પાયા ઉપર કલબો સ્થાપે છે, તેમનો હેતુ વગવાળા લોકોએ રાજદુવારી ફાયદા હાંસલ કરવાનો હોય છે, તેમજ કોમ અને દેશને ફાયદો કરવાનો હોય છે. જો તે ધોરણ ઉપર આપણા પારસી જુવાનો કાંઇ ધર્મનો અભ્યાસ કરવા—ધર્મ સંબંધી કે સંસારી ખરો સુધારો કરવા—અથવા એવાજ કોઈ ફાયદાકારક હેતુથી એક કલબ સ્થાપે, અથવા તો જે કલબો હાલે મૌજુદ છે તેઓને તેવી નેમ માટે ફેરવી નાખવામાં આવે, તો તે આપણું માન ખેંચી શકે; પણ માત્ર મોજ-મજાહ માટે જો કલબો સ્થાપવામાં આવતી હોય તો, જરથોસ્તી માબાપોએ પોતાનાં બાળકોને અને જુવાનોને, એવાં મંડળને ખાનાખરાબીનાં બી વાવનાર ખાતાંઓ તરીકે સમજી, અટકાવવામાંજ ફાયદો ગણવો જોઇએ.

સરોષની રાહબરી.

સરોષ એક મોટામાં મોટો રાહબર યજદ છે. જરથોસ્તી ગાથા, જેમાં સઘળા ફરેસ્તાઓના નામ જણાતાં નથી, તેમાં સરોષનું નામ મલેછે. એ ઉપરથી સરોષનું મહત્વ ઉચું માલમ પડે છે. તે બેહોશીમાં રવાનની પાસબાની કરે છે; રાત્રે ઉંઘમાં અને મરણ પછી, જ્યારે આપણો હોશ જાગૃત હાલમાં હોતો નથી, ત્યારે તે આપણા રવાનની પાસબાની કરે છે. તેથી જરથોસ્તી-ઓમાં રાત્રે સુતા આગમચ “સરોષ યસ્ત રાતની વડી” અથવા નાની “સરોષ યસ્ત” ભણવાનો ચાલ છે. માંદગીમાં કે બીજી રીતે જો આ યસ્તો આખી ભણવાનું બની આવતું નહી હોય તો “સરોષ બાજ” પણ ભણી બીછાનાં પર જવું સારૂં છે. તેના ફાયદા “સરોષ યસ્ત” માં દર્શાવામાં આવ્યા છે.* દરેક માણુસને એનાથી ખુદાઇ જ્ઞાન મલે છે, ખુદ અશો પેગમ્બર જરથોસ્ત સાહેબને પણ સરોષની મારફતે ખુદાઈ જ્ઞાન મલ્યું હતું. તેથી એ યજદની પનાહ પોશીમાં રહેવાથી દરૂજી શક્તિઓ, જેનું બળ રાત્રે ઘણુ વધી જાય છે, તેમનાથી આપણો બચાવ થાય છે. વળી દરરોજ એની સેતાએશ કરવાથી મરણ પછી પણ તે આપણી—રવાનની—પાસબાની કરે છે.

રાતનું ખાણું.

પણ આટલું ધ્યાનમાં રાખવું જોઇએ કે, જો કોઈ માણુસ રાત્રે એંધીની માફક ખાય, દારૂ પીએ, ઇત્યાદી રીતે પોતાના મગજપર લોહીનો જુસ્સો વધે એવી રીતે વરતે તો, તેનું ભણેલું તેને જોઇએ એવી મદદ કરી શકે નહીં.

---

* જુઓ જરથોસ્તી રાહબર, બાબદ “સરોષનો પેગામ.”

સૌથી ઉત્તમ રીત સુર્યાસ્ત આગમચ રાતનું ખાણું ખાઈ લેવાની છે; પણ હમણાના પારસી સંસારમાં તેમ બનતુ ન હોવાથી ધર્મી જીંદગી ગુજારવા માટે તો રાત્રે જેમ બને તેમ હલકો ખોરાક લેવામાંજ ફાયદો છે.

જે યજદો અનાજ, ફળફળાદી, વનસ્પતી, ઇત્યાદી આપણા ખોરાક અને પોષણ માટે ઉત્પન્ન કરે છે તેમનું અહેસાન માન્યા વગર ખાણું ખાવું ગોયા ચોરીનો માલ ખાધા બરોબર છે. એટલા માટે દરેક વેળા બાજ ધરીને ખુદા અને તેના ફરેસ્તાઓને યાદ કરી ખાણું ખાવું સારૂં છે. પુરતી ગંભીરતા સાથે ખાવાથી ખાણું સારી રીતે હજમ થવા સાથ આપણ ખુદાના ગુનેહગાર ઠરતા નથી. મોટા મેલાવડાઓમાં સુધાં ખાણું ખાતી વેળા બાજ ધરી પુરતી ગંભીરતા સાથેજ ખાણું ખાવું જોઇએ. "હુરરે" ના પોકારો કરવા એ જરથોસ્તી રસમ છેજ નહીં—એ માત્ર જંગલી રસમ છે તે આપણા લોકોએ અખત્યાર કરી ભુલ કીધી છે. તે જેમ બને તેમ જલદીથી દુર કરવી જોઇએ. એવી રીતના ધીંગા મસ્તીમાં આપણ ખાણું ખાતી વેળા, એક તરફથી ફરેસ્તાઓને યાદ કરી, બીજી તરફથી આપણી આસપાસ ગોયા દેવદરૂજોનું લશકર બોલાવીએ છીએ. તેમાં કોઈ પણ ફાયદો સમાયલો નથી. બહારના બીજા લોકો તેથી એવું સમજે છે કે આપણ દારૂ પીવા બેઠા છીએ, અથવા દારૂ પી છાકટા થયા છીએ—તે વેળા આપણ દાનાવ માણુસ છીએ, એવું જેમ આપણ ભુલી જઇએ છીએ, તેમજ બહારના લોકો પણ એવો પોકાર કરનારોને દાનાવ ગણે નહીં. માત્ર એક રીવાજ પડી ગયાથી આપણને એમ લાગતું નથી.

બીછાનાની પવિત્રાઈ.

સાદો અને હલકો ખોરાક લીધા પછી પણ થોડો વખત વચમાં ગાલ્યા પછી બીછાનાપર જવાથી આપણે આપણા બચાવ માટે ગોયા આપણી આસપાસ એક મીનોઇ દેવાળ બાંધીએ છીએ. જો સુર્યાસ્ત આગમચ ખાવાનું બની આવતું હોય તો અઇવીસ્રુથ્રેમ ગેહમાં સરોષ યસ્ત ભણી બીછાના ઉપર જવાથી વધુ ફાયદો થાય છે. ખરૂં જોતાં તો એજ ગોઠવણ વાજબી છે. પણ આપણા સંસારમાં રાતનો ખાણાનો વખત બહુ અસુરો રાખવાથી ખાધા આગમચ સરોષ યસ્ત ભણવાનો રવૈયો છે.

પણ જેઓથી નહીં બનતું હોય તેઓએ બનતાં લગી બીછાનાપર જવા આગમચ આગળ જણાવેલો ગાથાનો ફકરો અથવા નીચલી નીરંગ પણ ભણીને સુવાથી તે પોતાનો કાંઇબી બચાવ કરી શકે.

નામ યજદ નામ હોરમજદ ખોદાએ અવજુની એઈઆર ઈઅજી ગોશદાર કસને પેતીઆર મેહર સરોષ ઈઆર સરોષ ગોશદાર કસને પેતીઆર અહુરેમમજદામ અહુરમજદ અમેશાસ્પંદાન મેહર સરોષ રશને નામ ઈજદ નામ અહુરમજદ ખોદાએ અવજુની. અષેમવોહૂં (૧).

આ નીરંગ ભણવાનો ફાયદો એ કે, આગળ કહ્યા મુજબ રાત્રે દરૂજોનું બળ વધારે હોવાથી, આ નીરંગ ઊંઘમાં આપણા બચાવ જેવી થઈ પડે છે.

વળી ખોવાબથી બીદાર થતાં આ નીચલી નીરંગ ભણવી:—

અષેમવોહુ (૧). હુમત હુખત હ્વર્શ્ત સેપાસદાર હોમ અજતો દાદાર અહુરમજદ બેહે અવજુની પ પતેત હોમ અજ વનાહ વ અવેગોમાંન હોમ અજ હરવસતીન ઈયેજદાન એ દીન એ રવાન એ બેહસ્ત એ દોજખ એ આમાર અસદશ એ બુદન રસ્તાખેજ તન પસીન એ અવશીનસને આહારેમન દેવા અહુરહે મજદાઓ રએવતો ખરેનંઘહતો અમેશનામ સ્પેનતનામ નેમો જરથુસ્ત્રહે સ્પેતામહે અષોનો ફરવષો. અષેમ વોહુ (૧).

એટલુંજ નહીં; પણ જે મીનોઈ ફાયદો આપણે દીવસે સેંકડો સંસારી ખટપટોને લીધે મેળવી શકતા નથી તે ફાયદો, જો અશો જીંદગી ગુજારતા હોઇએ તો, રાત્રે ઊંઘમાં મેળવી શકીએ છીએ. જેમ ખોરાકને પચાવાની જરૂર છે,—જો તે પચે તોજ ખોરાક ખાધેલો પ્રમાણ—તેમજ જ્ઞાન પણ "પચેલું" હોય તોજ કામનું. તેથી દીવસે મન ભમતું હોવાથી મીનોઈ જ્ઞાન આપણુ બરાબર સંપાદન કરી (પચાવી) શકતા નથી; પણ જે મીનોઈ અભ્યાસ દીવસે કીધો હોય તે રાત્રે "પચાવાને" બની આવે છે. તેથી બીછાનાનું "મેગનેટીજમ" જો સારૂ હોય તો, ઉપલી રીતે જીંદગી ગુજારવાથી ઊંઘમાં ઊંચી જાતના ખોવાબ આવે છે, કોઇવાર આગાહી થાય છે, કોઇવાર રોશની દેખાય છે, કોઇવાર કોઈ અશો રૂહની મુલાકાત થાય છે, ઇત્યાદી, ઇત્યાદી. એનું કારણ એ કે આપણુને સંસારમાં હોવાથી દીવસે જે અટકાવો મળે છે તે રાત્રે મળતા નથી, અને રવાન ઊંઘમાં મીનોઈ દુનિયાંમાં હોય છે, ત્યાં તે કેટલુક કામ સેહેલાઇથી કરી શકે કે જે સંસારની જંજાલો વચ્ચે બનતુ નથી. જાનવરી જીંદગી ગુજારવા સાથ ઊંઘમાં મીનોઈ દુનિયાંના નીચલા તબક્કા ઉપરજ રવાન રહે છે; પણ અશો જીંદગી ગુજારવાથી તે ઊંચા તબક્કા ઉપર જઈ શકે છે. સાધારણ સ્વપ્નામાં અને ઊંચી જાતના ખોવાબમાં એ તફાવત હોય છે કે, સાધારણ સ્વપ્નાઓ જ્યારે નીચલા તબક્કાઓ ઉપર હોવાથી અંધકારમાં જોઇએ છીએ, ત્યારે ઊંચા તબક્કાઓ ઉપર વધારે ને વધારે સ્પષ્ટ અને કોઇવાર રોશનીમાં પુર હુશીયારી સાથ તે જોવામાં આવે છે.

ફરજીયાતને અનુસરતી જીંદગી.

આગલા ભાગમાં આપણે સાધારણ રીતે દરરોજની જીંદગી ગુજારવાની જરથોસ્તી ફરજીયાતો જોઈ આવ્યા છીએ. પણ તે ફરજીયાત ગુજારવા સાથે જો આપણે આપણી જીંદગી સુધારવાની કોશેશ નહીં કરીયે તો આપણી હાલત એક ઘડીઆળ કે ગાયથી વધારે ચઢતી ગણાય નહીં. કારણ કે એક ઘડીઆળને ચાવી આપવાથી તે ચાલે છે, પણ પોતે સમજતું નથી કે પોતાનો ઉપયોગ કેટલો છે. તેમ એક માણસ પોતે શું કરે છે તે સમજવાની કોશેશ કર્યા વગર જો તે ભણતર કે કામ કર્યો જાય તો તે પણ એક ઘડીઆળ જેવોજ છે—તેનું કામકાજ યાંત્રીકજ ગણાય. તેમજ કોઈ માણસ મૌંસ-મછીનો ખોરાક તજી તેને અનુસરતી જીંદગી નહીં ગુજારે તો, તેની હાલત પણ ગાય-બલદ જેવીજ ગણાય—ગાય-ઢોર પણ માત્ર ઘાસ ખાઈ જીવે છે.

એટલા માટે અશો જીંદગી—મીનોઈ જીંદગી—ગુજારવા સાથ મીનોઈ જ્ઞાનની સમજ લેવાની જેટલી બની આવે એટલી કોશેશ કરવી જોઇએ, અને તેવીજ રીતે આપણા નીચ હવસો, હેવાનીયત અને જુસ્સાઓ ઉપર કાબુ મેળવી, સદ્દગુણોને ખીલવવા જોઇએ.

એવી રીતે જીંદગી ગુજારવાથી આપણે ખુદાની વધારે ને વધારે નજદીક જઇએ છીએ.

એવી રીતે જીંદગી ગુજારવા માટે આપણા કામકાજો નેક હોવાં જોઇએ. આગળ જણાવવામાં આવ્યું છે તેમ આપણને સુખ અને ખુશાલી માટે જુદા જુદા વિચારો હોય છે—કોઈ કંઇમાં સુખ માને છે, અને કોઈ કંઇમાં માને છે. આપણે મુખ્ય કરી (૧) મીનોઈ જ્ઞાનમાં સુખ માનવાની ટેવ પાડવી જોઇએ; પણ જેઓની મનશક્તિ ઊંચી જાતનું જ્ઞાન સંપાદન કરવાને લાયક નહીં હોય, અથવા ઓછી લાયક હોય, તેઓએ (૨) કોમની સેવા બજાવા કોઈ ધર્મ સંબંધી મંડળીમાં સામેલ થઈ તે મંડળીને લગતાં નાના પ્રકારના કામો કરવાં, અને તે મંડળીની મારફતે વગર સ્વાર્થે કોમની, દેશની કે દુનિયાંની સેવા બજાવવી, કે જે સેવાઓ ખુદાની સેવા બજાવ્યા બરોબર છે. જેમ જ્ઞાનથી તેમજ ખુદાની સેવાથી પણ આપણો રસ્તો મોકલો થાય છે, અને એવી બીન-સ્વાર્થી સેવાથી કોમનું, દેશનું અને દુનિયાંનું દુઃખ ઓછું થાય છે.

હરગેજ એમ નહીં સમજવું કે "મારા જેવા નાચીજ માણસની મેહેનતથી તે દુનિયાંનું દુઃખ શું ઓછું થવાનું હતું?" તમારી જેટલી લાયકાત હોય તેથી

વધારે કામો કરાવા—તમારી કાબેનાત અને ગુંજાસ ઉપરાંત કામ કરાવા—ખુદા ઇચ્છતો નથી. આપણામાં જે ગુંજાસ હોય તેનાજ પ્રમાણમાં, પણ દીલસોજીથી અને અંતઃકરણથી, તે સેવા બજાવવાની અસર, તે કામ ગમે એવું દુનિયાંની નજરે નિર્જીવ લાગતું હોય તોપણ, આખી દુનિયાંમાં પથરાશે, અને "કોઈ પણ કારણ તેની અસર મોડે કે વેહલે બાબ્યા વગર રહેતું નથી" એ કુદરતના કાયદા મુજબ તે કામને મજબુતી મળ્યા વગર રહેશે નહીં. પણ આ સઘળું અત્યંત પ્રમાણીકપણે અને સાચવટ સાથ થવું જોઇએ.

સાદો ખોરાક.

ખોરાક માટે આગલ આપણુ જોઇ ગયા છીએ. પણ અત્રે તેની લાયક જગ્યા ઉપર થોડા વધુ શબ્દો કહેવાની જરૂર છે. સાદો ખોરાક અશોઇના તરીકાને—અને તેટલા માટે જરથોસ્તી જીંદગી ગુજારવાને—અવશ્યનો છે અને તેના ફાયદા સર્વે વૈધક શાસ્ત્રીઓ, વિદ્વાનો, ફીલસુફો અને પેગમ્બરો ફરમાવે છે. સાદા ખોરાકથી આપણુ દુઃખ દરદથી બચી જઇએ છીયે; તેથી આપણુ આપણા નીચ હવસો ઉપર કાબુ રાખી શકીએ છીએ; તેથી પૈસાનો બચાવ થાય છે; તેથી અક્કલ હુશીઆરી વધે છે; તેથી વધેલા પૈસા બીજા ભાઇબંધો અને સગાં સ્નેહીઓનું દુઃખ ઓછું કરવાના કામમાં વાપરી શકાય છે; તેથી બીજી સખાવતો થાય છે, ઇત્યાદી, ઇત્યાદી.

વળી ખાનાપર બાજ ધરી ખુદાની યાદ સાથ ખાનુ ખાધા પછી, રસ્તે ચાલતાં હાલતાં, કલબે કલબ કે એવીજ બીજી રીતે ઢોરની માફક ખાવું માનસાઇ કાયદાથી ઉલટું છે. એવી રીતે ખાવાથી જઠરાઅગ્ની નીયમસર કામ કરી શકતો નથી, પાચન શક્તિને પોતાની શક્તિ ઉપરાંત મેહનત પડે છે; પણ જે માણસ એવી રીતના ખોરાકને પચાવી શકે તે માણસ વિષઇ બનતો જાયછે.

સાદો પોશાક.

માણસનો પોશાક તેના ભીત્તરના આચાર વિચારનું બહારનુ માપ દેખાડે છે. જેવા આચાર વિચાર હોય તેવી જાતનો શોખ હોય, અને શોખ વાતચીત મારફતે અથવા પોશાક મારફતે જાહેર થાય છે. એક સંપૂર્ણતાને ચહાનાર અક્કલવંત માણસ જેમ ખાવે પીવે તેમજ પોશાકમાં સાદો હોય છે; એક અધુરો, છાલકો, અને ઉછાછલો માણસ પોતાનું અધુરાપણુ ઇસ્કી, તીમતરાક અને ઇતરાટ ભરેલા પોશાક મારફતે જાહેર કરે છે. એક ધર્માભિમાની કે જાતીભીમાન માણસ પોતાનો બાપીકો સાદો પોશાક પેહરવામાંજ માન, મરતબો, અને મોટાઇ સમજે છે; અને તેને તે માન, મરતબો અને

મોટાઈ બીજા લોકોથી, રાજ-દરબારથી, અંજુમનથી, મલે છે. પણ મહલાજા ભરેલો બાપીકો પોશાક તજવો અને બીજી કોમનો છતરાટ ભરેલો પોશાક સજવો, મગજમાં તકોબરી દાખલ થયા સિવાય બનતું નથી. એ ખ્યાલના ભીત્તરમાંજ તકોબરી હોય છે. "મને કોણ પુછનાર છે?" આ ખ્યાલ દાખલ થતાં, તે કોમની કે લોકની દરકાર કરતો નથી, અને તે અભીમાનમાં તે વીચિત્ર નકલ કર્યો જાય છે.* આથી તે ઉડાઉપણાના વર્ગમાં આવે છે, તેથી તે જો ધર્મ શાસ્ત્રને માનતો હોય તો, તેની સનમુખ આપણુ વંદીદાદની શીખામણ રજુ કરીશું:—

નોઈત્ જી અહુરો મજદાઓ યાઓ ધ્રુહયનામ્ અવરેતનામ પઈતિ-રિચ્યા દધથે; નોઈત્ અસ્પેરેનો-મજો, નોઈત અવચિનો-મજો; અવત્ અએષ ચરાઈતિક અવિં-માંમ હરેકે-હરેચ્યાત્.

[વંદીદાદ, ૫. ૫, ફ. ૬૦.]

" અહુરમજદ આપણી પાસે જે [વસ્ત્ર] હોય તેમાંથી કોઈબી ચીજ રદ કરવા આપતો નથી; અસ્પેરેનાના જેટલી પણ મોટી નહી; કે કાંતનારી કન્યા અવી પ્રમાણ જેમ નાખી દે એટલો (તરાક) પણ નહી. "

આ ઉપરથી જોવામાં આવશે કે વસ્ત્ર તેમજ ખોરાક કે પૈસો, કાંઇ પણ ચીજ ગેર કાયદે અને બેઅંદાજે વાપરવામાં ફાયદો થવાને બદલે ગેર-ફાયદો થાયછે.

તેહેવારો.

તેહેવારો પાલવાની બાબદમાં પણ આપણે સાદાઈજ વાપરવી જોઇએ. હાલમાં આપણે જે રીતે તેહેવારો પાલીએ છીએ તે ધર્મના કાનુનોને અનુ-સરીને પાલતાં નથી. એ વિષે થોડા વખત ઉપર એક બાબદ ચેરાગમાં લખાઈ છે તે આ ઠેકાણે ઉપયોગી થઈ પડશે.

" ધરના તેહેવારો એવી રીતે ગુજારવા જોઇએ કે બાકીના સઘલા દીવસો જે સંસારી ખટપટોવાળી જીંદગીમાં પસાર થાય છે, તેમાંથી બની આવે તો મોકળા થઇ તે દીવસે અશો જીંદગી ગુજારી શકાય. 'તેહેવાર' નો અર્થજ એ થાય છે કે 'પવિત્ર દીવસ,' અને પવિત્ર દીવસ ગુજારવો એટલે પવિત્ર જીંદગી ગુજારવી. જ્યારે કોઈ દીવસે આપણી પોતાની જીંદગી કંગાલ ગુજરે છે ત્યારે આપણુ કહીએ છીએ કે 'આજનો દીવસ કંગાલ ગયો,' તેમજ જ્યારે આપણુ ખુશાલીમાં કે ભલી વાતચીત કે મીનોઇ અભ્યાસમાં

---

* જેઓને લશકરી વગેરે ખાતાંમાં ફરજ પડે છે તેઓને આ બાબદમાં છુટ મુકી શકાશે.

પસાર કરીયે છીયે ત્યારે કહીયે છીએ કે 'આજનો દીવસ ઘણો સારો ગયો. આ મુજબ તેહેવાર પાળવો એનો અર્થજ એ થાય કે તે દીવસે બીજા દીવસો કરતાં વધારે પવિત્ર જીંદગી ગુજારવી. પવિત્ર જીંદગી ગુજારવા માટે—અથવા બીજા શબ્દોમાં બોલીએ તો, મનને પવિત્રાઇમાં રોકવા માટે—ભારી ખોરાક અને જાત જાતના દારૂ ઝેર જેવાં છે એમ સેહેલથી કહી શકાય.

"જો કે આ બાબદમાં એક વૈધરાજની સલાહની જરૂર નથી, તે છતાં કોઈ પણ દાકતર આ બાબદમાં પોતાનું મત આપણી તરફેણમાં આપશે. એટલા માટે તેહેવારના દીવસો ઉપર ભારી ખોરાક અને જાતજાતના દારૂને બદલે સાદો ખોરાક લેવાથી આપણી તંદરોસ્તી જાલવવા સાથ મન સ્વચ્છ રહેવાથી મીનોઈ બાબદને લગતો વિચાર કરવાને તે વધારે લાયક થાય છે. ભારી ખોરાકથી ચિત્ત બરાબર રહેતું નથી, અને તેને પચાવવાને જાત-જાતના કાતેલ ઝેરી દારૂ પીવાથી આપણી નેમ ઉંધી વળે છે. પણ આખો દીવસ સાદા ખોરાક સાથ ભણુવામાં કે ધર્મ અભ્યાસમાં જીંદગી ગુજારી હોય તો રાત પણ ઘણી ખુશનુમા પસાર થાય છે. એટલુંજ નહી, પણ એવી રીતની ટેવ પાડી હોય તો કોઇ વાર રાત્રે અગમચેતી કે આગાહી પણ થાય. માત્ર ઘણુ ઘણુ ભણી જવાથીજ કાંઈ વળતું નથી; થોડું ભણુવા સાથે પણ તેની સમજ લેવી વધારે બેહેતર છે. તેહેવારના દીવસોપર બચ્ચાં છોકરાંઓને સાથે લઇ ધર્મ સંબંધી કે નીતિને લગતાં પુસ્તકો વાંચી તેની સમજ લેવાય તો બચ્ચાંના મન ઉપર તેમજ મોટાં માણુસના મન ઉપર સારી અસર થાય અને પછવાડેની જીંદગીમાં ધર્મ જ્ઞાનની ખામીને લીધે જે કેટલાક પસ્તાવાના દાખલાઓ બને છે તેવા દાખલા બનવાનો સંભવ ઓછો રહે.

"ગાહમ્બાર અને જશનોના મેલાવડામાં જગતના ભલાં અર્થે સાથે મળી (congregational) 'બંદગી' થાય એવી ગોઠવણો થવી જોઇએ. તેમજ 'હીપહીપ હુરરે'ના તોફાની ખાનાની જગ્યા માત્ર ચાસની કે તદન સાદા ખાનાને આપવી જોઇએ. પણ એવા મેલાવડાઓ તરફ વધારે ખેંચાણુ થાય એવા કરવા તેની સાથે તે હીંગામને અનુસરતાં ધર્મ સંબંધી ભાષાણો, અને ભાષણ કરતા નહી મળે તો, તેને અનુસરતાં વાંચણો થવાં જોઇએ.

"આ સઘળી એબતેમાસો તુરત વેળાની કામ ચલાઉ છે; એમાં ઘણો સુધારો કે વધારો સંજોગો મળતાં કરી શકાય એમ છે. પણ જરથોશ્તી

ટોળામાં જેઓને લાગે વળગે તેઓને અરજ કરવામાં આવે છે કે જંગલી જમાનાને અનુસરતી રસમો, જે માત્ર એક યા બીજી પ્રજાના સમાગમમાં આવ્યાથી અખ્ત્યાર કીધી હોય, પણ જે વાંધા ભરેલી દેખાય, તે તરફ કરી તેની જગ્યા વિવેકથી દરીયાફ્ત કરી જે રીત સારી લાગે—જે રીત આપણને અહુરમજદની વધારે નજદીક જવામાં મદદ કરે—તે રીતો અખ્ત્યાર કરવી વધારે મુનાસેબ છે."—[ચેરાગ, પુ. ૧ લું, અંક ૨ જો, પૃ. ૪૪-૪૬.]

તેહેવારો ઉપર થતાં ભણતરો.

સાથે મળીને કરવાના [congregational] ભણતર માટે આગલ જણાવવામાં આવ્યું છે. જરથોસ્તીઓમાં ચોકસ હીંગામો ઉપર અમુક ભણતરો અમુક ગેહમાં ભણવાના મુકરર થયલાં છે. તે ભણતરો જો જુદા જુદા ટોળાંઓ અથવા મંડળો સાથે મલી એક ઉચ્ચારે પુરતી ગંભીરાઇથી કરવામાં આવે તો કેટલો ફાયદો થાય!*

ભણતરનાં "વાઇબ્રેશન્સ" આસપાસ ફેલાઈ તે જગ્યાને પવિત્ર કરે, એટલું તો કોઇપણ વિચારવંત જરથોસ્તી કબુલ કરે. પણ એ સિવાય તે ભણતરના આવાજનો પ્રવાહ આખા વિશ્વમાં પંથરાય છે, અને તે જયાં જયાં પંથરાય છે ત્યાં ત્યાં ભણતરની ભલી અસર પાથરતો જાય છે. તેથી દુનિયાંમાં આબાદાની પંથરાય છે; તેથી બુરી શક્તિઓનું બળ તુટે છે; તેથી બીજા માણસોના મન ઉપર સારી અસર પંથરાય છે; તેથી હુશીયારી વધે છે; તેથી કોમમાં મોહોબત વધે છે, ઇત્યાદી.

એક દોરડું તોડવા માટે જો એક જણ જુદુ જુદુ જોર અજમાવે તો તે તોડવા માટે સઘલાની કોશેશ નીષ્ફળ જાય; પણ સઘળા સાથે જોર અજમાવે તો તેઓ તે દોરડુ સેહલાઇથી તોડી શકે. તેજ મુજબ જે ભણતરો સાથે મલી કરવાનાં હોય તે બનતાં સુધી સાથે મલી એકજ અંતઃકરણથી કીધાં હોય તો તે કેવાં ચમત્કારીક કામો બજાવે છે તેનો એક દાખલો† તવારીખે નોંધ્યો છે.

---

* હમણાની રીતી, જેમાં સાથે મળી બંદગી કરતી વેળા પણ કોઈ કેમ અને કોઈ કેમ ભણતર કરે છે, તેથી જોઇએ એવું ફળ નહીં મળે એ દેખઇતું છે. મરણ વખતના જેવા ગંભીર વખતે પણ પતેત કરવા કોઈ મોબેદ કયારે આવે અને કોઈ કયારે આવે, અને સઘળા એકજ વખતે પતેત પુરી કરે! એજ દેખાડે છે કે આપણે કયાં છઇએ.

† નૃસિંહ મેહતાનો ગરબો જરથોશતી અબળાઓમાં હોંસે હોંસે અને ગંભીરતા સાથ ગવાય છે. આ પવિત્ર નરને તેની જાતવાળાઓ વારેવાર તરેહવાર તાણા મારતા હતા. એક વાર તેને એવી મતલબનો તાણો માર્યો કે તેમનામાં સત હોય તો એક "નવસેરો હાર" હવામાંથી પેદા કરે. "અરે માંગી માંગીને શું રે માંગ્યું, માંગ્યો નવસેરો હાર!" નૃસિંહ મેહતા રાત્રે ભજનમાં બેઠા

મોગળ રાજ્યમાં હિંદુસ્થાનમાં આવ્યા પછી પણ જરથોસ્તીઓ ઉપર વારેવાર રાજદ્વારી આફતો આવી પડતી હતી. તેમાંથી તેઓ ગેબી મદદ મેળવી છુટકારો પામતા હતા. એક વાર એક આતશ કદેહ ઉપર એક નવાબના હુકમથી મુસલમાનોએ આખી રાત ઘેરો ઘાલ્યો હતો. મોબેદોએ ઇજશને ની ક્રિયા માંડી. અલબત જે જીવ સટોસટનો વખત હતો તે મામલો ધ્યાનમાં લેતાં મોબેદોએ જાનફેશાની સાથ તે ક્રિયા કીધી હોય તે દેખાઇતું છે. રાત્રે નવાબના વિચારમાં એટલો ફેરફાર થયો કે બામદાદે ઘેરો કહાડી નાખવાનો હુકમ થયો. એક થીઓસોફીનો અભ્યાસી એનું કારણ કદાચ તુરત સમજી શકશે.

જો અવસ્તા ભણતર કરતી વેળા ભણનારા અશો, લોકો એફીનદાર, જાનફેશાની કરનાર, ગંભીર, અને એક દીલ હોય તો તેઓ નહી શુ કરી શકે? હજી આપણે તેનો કક્કો પણ જાણતા નથી અને આપણુ અજ્ઞાનપણા અને આપણી આળસાઇ માટે વારેવાર ધર્મને સજા કરવા મેદાન પડીએ છીએ!

નવજોત.

નવજોતનો બનાવ માણસની જીંદગીમાં ઘણો પવિત્ર ગણાય છે. સરોષ તરફથી ખુદાઈ રોશની જે બસારત રૂપે માણસને ભીતરમાંથી મળે છે, તેને ઇંગ્રેજીમાં "ઇન્સ્પીરેશન" કહે છે, પણ "ઇન્સ્પીરેશન" માં માણસ માત્ર મીનોઇ ખ્યાલો મેળવે છે. ઉચી બસારતમાં તો રવાનની અશમથી રોશની દેખાય છે. અહીં આપણી મતલબ ઇંગ્રેજીમાં જેને ઉચી જાતનુ Initiation કહેવામાં આવે છે, જેમાં માણસ પેગમ્બરી દરજ્જે ચહડતાં એક પછી એક મીનોઇ તબક્કા ઉપર રોશન જ્ઞાન મેળવતું જાય છે, તે તબક્કાઓ ઉપર તેની ચશમ આગલથી એક પછી એક પરદાઓ ખુલતા જાય છે, તેને કહેવામાં આવે છે. એને કદાચ આપણો અવસ્તા-ઝંદ શબ્દ "દક્ષત" લાગુ પડે, જે સંસ્કૃત શબ્દ "દિક્ષા" ને મળતો આવે છે. "દિક્ષા" નો ઉચો અર્થ ઇંગ્રેજીમાં Higher Initiation થાય છે. એ વિષેની જરથોશતી

અને તેમના ચેલાઓ તેમની આસપાસ બેઠા. લોકો એવાને ઠઠમાર એકઠું મળ્યું. ભજન ચાલ્યુ આખી રાત. બામદાદ થવા આવી તોએ હાર કાંઈ મળે નહીં; તેથી લોકોને નાસીપાસ થવાનો અને મેહતાજીપર તાણા જાણી થવાનો વખત નજદીક આવ્યો. પણ જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ પેલી તરફ ભજન કરવા બેઠેલા ચેલાઓના તાલ અને સુર એવાં તો એક મળી ગયાં કે ગોયા એકજ માણસમાંથી તે સુર, તાલ અને સુર નીકળતાં હોય એમ લાગ્યું. આ સઘળું અંતઃકરણના એકત્ર થયા શિવાય બનતું નથી. છેવટે સઘળાની ખુશાલી વચ્ચે હાર પ્રગટ થયો, અને નૃસિંહજીના મળામાં આવી પડયો!

ખાહેશ કેવી હોવી જોઇએ, તે આપણને પવિત્ર અહુનવદ ગાથા નો એક ફકરો પુરી પાડે છે:—

યેજી અથા સ્તા હઈથીમ મજદા અષા વોહૂ મનંઘ્હા
અત્ તત્ મોઈ દક્ષ્તેમ દાતા અહ્યા અંઘહેઉશ વીસ્પા મએથા.
યથા વાઓ યજેમ્નસ્ચા ઉર્વાઇધ્યાઓ સ્તવસ્ અયેની પઈતી.

[અહુનવદ ગાથા, હા ૩૪, ફ઼. ૬ ઠો.]

"અગરજો (તું), અએ હોરમજદ! ખરેખર એ પ્રમાણે રાસ્તી તથા નેક મનશનીને લીધે છે (ઇઆને તું પોતે રાસ્તી તથા નેક મનશનીનું અલંકાર રૂપ છે) તો, આ દુનિયાંમાં (મારી) તમામ જીંદગી ગુજારવા બાબે એવી બસારત કર, જેથી વધારે ભક્તિભાવથી તારી પરસ્તેશ કરનાર તથા તારી કીર્તિ ગાનાર તરીકે (હું) તારી નજદીક પોહોંચું."

[એરવદ કા. એ. કાંગાનો તરજુમો.]

એવાં "ઇનીશીએશન" માંના કોઇકની ઝાંખી નકલ તે આપણી "નવજોત" ક્રિયા હોય એમ લાગે છે. પણ એ "ઝાંખી નકલ" માંથી સુદ્ધાં પુષ્કળ ખુબી સમજી શકાય. એક જરથોસ્તીની જીંદગીમાં આ બનાવ મોટામાં મોટો ગણાવો જોઇએ—તે એક બાળકને દીનમાં દાખલ થવાનો વખત છે કે જ્યારથી તે ખુદાઇ કાયદામાં—દીનમાં—દાખલ થાય છે, અને પોતાના કર્મને માટે જવાબદાર થાય છે; અને તે સાથે તેને પેલી મહાન "દક્ષત" (દીક્ષા અથવા initiation) તરફ પોતાની નજર રાખવાની છે કે જેની બસારત મારફતે પોતાના ગુરૂ **જરથોશત** અથવા **સરોષ** તરફથી મીનોઈ જ્ઞાન મેળવી અહુરમજદની સનમુખ સંપૂર્ણ અશો થઈ ઉભો રહેવાને તે લાયક થાય.

ખરેખર આપણી જીંદગીનો આ એક મહાન બનાવ છે; પણ તે માટે કેટલીક વાર જે ખરચો કરવામાં આવે છે તે વાજબી રીતે થવાને બદલે માત્ર સગાં-સ્નેહી અને દોસ્ત આસનાવોમાં કીર્તિ મેળવવાની નેમમાં ખરચાય છે. એવી ક્રિયાઓ પાંચ માણસની "અંજુમન" સન્મુખ તો થવી જોઇએ, પણ પાંચને બદલે પાંચસો માણસોને લખલૂટ ખરચથી જમાડવાને બદલે આ પવિત્ર બનાવની યાદમાં ખરેખરાં ભૂખે મરતાં અને મોહોતાજમંદ માણસોમાં તે પૈસો વપરાયો હોય તો તે કેટલો ફાયદો કરે તે કહેવાઈ શકાતું નથી.

તે સાથે જેને જોગવાઈ હોય તે જો પોતાના બાળકની નવજોત સાથ કોઈ ગરીબોના બાળકની નવજોત કરી આપે તો વધારે ફાયદો થાય.

શાહદી—લગ્ન.

માણસની જીંદગીની અંદર બીજો પવિત્ર બનાવ લગ્ન છે. માણસ જાતમાં લગ્નની મૂળ નેમ માણસ પેદા કરવાની છે. પેદા કરનાર પેદા કરવાના સાધન વગર કોઈ ચીજ પેદા કરી શકે નહીં—પેદા કરવાને કોઈ સાધન જોઇએ. માણસને પેદા કરવાને પેદા કરનાર માટે માણસ જેવુંજ સાધન જોઇએ. તે માણસની મારફતે માણસ પેદા કરે. એટલા માટે માણસ પેદા કરવાની નેમ—બીજા શબ્દોમાં બોલીએ તો લગ્નની નેમ—ખુદાઈ છે; એટલા માટે તે પવિત્ર છે. એ શિવાય બીજી મતલબ માત્ર હેવાનીયત ગણાય. એટલા માટે લગ્ન વખતે ધર્મક્રિયાની જરૂર છે—એટલા માટે ચોકસ સંજોગ વખતે ભણવાની નીરંગ સુધાં જરથોસ્તી ધર્મમાં આપવામાં આવી છે. પણ અફસોસ! ફરેસ્તાઈ રહેવાને બદલે, આપણ એક એવા જમાનામાં રહીએ છીએ કે, હેવાનીઅત માણસના ધર્મ તરીકે પસાર થાય છે!

નવજોતના લખલુટ ખરચો માટે જે વિચારો જણાવ્યા છે તેજ અત્રે પણ લાગુ પડે છે. બલકે વધુ: જરથોસ્તીઓમાં જેટલો ઉડાઊ અને લખલુટ ખરચ—કેટલીકવાર અવિચારી ખરચ—લગ્ન અથવા શાદી રામશનીને નામે થાય છે, તેટલો બીજા કોઈ હીગાંમ ઉપર થતો નહી હશે. ગરીબો તેમાં પાયમાલ થઈ જાય છે. લગ્ન, જે ઉપર જણાવ્યા પ્રમાણે એક ખુદાઈ બનાવ, તેણે બજારી સોદાનું રૂપ પકડયું છે. વર વેચાય છે, કણ્યાના બાપ દંડાય છે! જે કામ કુદરતી નજરે જોતાં એક અરધીના ખરચ વગર થવું જોઇએ, તે કામમાં કુટુંબો તારાજ થાય છે. જે કામથી એક સંસાર સુલેહ ભરેલો અને સુખવાસી થવો જોઇએ, તે કામ જુદાઈ પેદા કરનાર થઈ પડયું છે. આ બાબદ માટે એક જુદા વિષયની જરૂર છે.

જેમ બીજી બાબદોમાં પરહેજગારીની જરૂર જણાવવામાં આવી છે, તેમ લગ્નની મતલબ પેશ પાડવામાં પણ જો સાદાઇ અને પરહેજગારી પાલવામાં ન આવે તો, તેથી દુઃખ અને સંતાપ આવી મલે.

પાશ્ચાત અભિપ્રાયોથી બીહીને આપણા લોકોએ લગ્નના સંબંધમાં ઘણીક ક્રિયાઓ રદ કીધી છે, અને બજારના દલાલો જેમ "હથેવારો" મેલવી સોદો નકી કરે છે, તેમ એક "હથેવારો" રાખી બાકીની ક્રિયા ધીમે ધીમે રદ કરવામાં આવે છે. પણ તે છતાં ખરચ તો વધતા જાય છે. તેનું કારણ એ કે, જે કાંઈ મીનોઇને લગતી રીતભાત, અને ઓછા ખરચની, તેની જગ્યા ગેતીને લગતી રીતભાતો, અને વધારે ખરચાલુ, આમેજ થતી જાય છે. આજના કપડાં અને જણસો તરફ નજર કરો—તકલીદી અને

ખરચાલુ. અને ખાનપાન તરફ નેગાહ પોહોચાડો તો તે અ-જરથોસ્તી દેખાશે. એક જરથોસ્તી ખાનુ, ખાંનગી કે જાહેર, કુટુંબમાં કે બાહેર, બાજ ધરીને પુરતી ગંભીરાઇથી લેવાવું જોઇએ. ઉપર કહ્યા પ્રમાણે લગ્ન એ પણ એક પવિત્ર બનાવ છે. તેમાં પરણુતાં જોડાંની આસપાસ ફરેસ્તાઓની દુવા મેલવવા તેમની આમદાની થવી જોઇએ, જે માટે ત્યાં આતશ, લોબાન, ફુલ, ઇત્યાદીની, ખુશબો રાખવામાં આવે છે. આ ઠેકાણે ગંભીર શાંન્તી, માંથ્રના કલામો, આશીર્વાદો, ઇત્યાદીની જરૂર છે. પણ એક બાજુ આ પવિત્ર ક્રિયા ચાલતી હોય, તે વેળા કે તેની તુરત પછી, દારૂ સાથના ખાણામાં "હુરરે" ના પોકારો, બુમ બરાડા, તરેહવાર ઠઠા મશકરી, આ પવિત્ર હિંગામને ફરેસ્તાઇ કરતાં દેવયસ્ની દેખાવનું રૂપ આપે છે! આપણુને આ દુનિયાંને બેહેસ્ત બનાવાનું છે તે શું "હીપહીપ હુરરે" થી બની શકશે?

શીશીયારી અને ફૅશન બતાવાને ઘણા માણુસોને એજન કરી ફેસ્તો અને ફાર્સ કરવાને બદલે, થોડાં માણુસોની અંજુમન બોલાવાથી વધારે સારી રીતે મેનેજ થઈ શકે, અને હીંગામ વધારે સમાધાની ભરેલો અને ખરેખર ધર્મી રીતે પસાર થઇ શકે.

પરણેલી જીંદગી.

પરણ્યા પછી કામીક ખવાસ જાગૃત થતાં માણુસ ઇસ્કી થાય એ સ્વાભાવીક છે. પણ તેને વશ થવાને બદલે જે તેને કાબુમાં રાખે તે ખરો જરથોસ્તી. તેને વશ કરવાને બદલે તેને જે વશ થાય તે નહીં. આ ખવાસ માણુસને મતાંધ, ઉડાઉ, અવિચારી, ગર્વીષ્ટ, ઇત્યાદી બનાવે છે, અને તેથી તે પોતાના ગજા ઉપરાંત ખરચ સાથ મોજીલી જીંદગી ગુજારવા પડે છે. ઘણા વર્ષ નહી જાય તે આગમચ તે પોતાની ભૂલ જોય છે; પણ તે ભૂલ ઘણી મોડેથી જોય છે.

એટલા માટે દરેક જરથોસ્તી જુવાનને પોતાના સ્વભાવો ઉપર ખુબ બારીકીથી અને ચોકસાઇથી નજર રાખવાનો જે વખત છે તે આજ વખત છે. એ રંગીલી જીંદગીના શીહાગારમાંથી જેમ દુર રહેવાય તેમ ઠીક. આ તે વખત છે કે જે વખતે પોતાના માબાપ કે વાળીની રાહબરી અને સલાહ અને પનાહની ઘણીજ જરૂર છે—પણ અફસોસ સાથ જણાવવું પડે છે કે આજે જે વખતે એવી વડીલોની પનાહપોશીની, સલાહની, અને મદદની ઘણી જરૂર, તેજ વખતે જરથોસ્તી જુવાનો તે છોડી જાય છે, અને પછી તેમની ચીંતાતુર થઇ પડેલી હાલત વિષે તો તેઓજ જાણે!

મરણ પછી.

મરણ એ એક કુદરતી બનાવ છે. જે જન્મે તે મરે. જેણે જન્મ લીધો તે મરવાને કાજે. પણ મરણ એટલે શું ? તે માત્ર શરીર જે જુદાં જુદાં ખાકી તત્વોનું બનેલું છે તે ખાકી તત્વોનુ છુંટાંપડી પોતપોતાના અસલ તત્વોમાં મળી જવું—આ બનાવને આપણે મરણ કહીએ છીએ. રવાન જે ખરેખરૂં માણુસ છે, જે અમર છે, તે કાંઇ મરતું નથી. આટલી સેહલી વાત મરણ વખતે ભુલી જવાય છે. અને માણુસને અનદીઠ દુનિયાંમાં પાસ થઇ જતાં—તેને આ દુ:ખીયારી દુનિયાંમાંથી સુખવાસી હાલતમાં દાખલ થતાં, ગોયા કાંઇક મોટી આફત આવી પડી હોય એવી રીતે રડાકુટ અને તોફાણ મચાવવામાં આવે છે. મતલબ એ કે જાણે સગાં વહાલાંઓ અને દોસ્ત આસનાવો, પોતાના સ્વાર્થને માટે, ગોયા ગુજર પામનારને સુખવાસી મુકામ (બેહેસ્ત) માં જવા ઇચ્છતાં નથી! તેમના તોફાણ, રડાકુટ, અને કલાપીટની કુદરત કાંઇ દરકાર કરનાર છે? તે માણુસની મુર્ખાઇ અને અજ્ઞાનપણા ઉપર હસે છે!

શું આ ઢોંગ માત્ર લોકોને જણાવવાનો નથી હોતો? પોતાની મોહરદારના મરણ પછી ઘણુ તોફાન મચાવનાર અને ઘણુ રડનારને આપણે બે ચાર મહીનામાં બીજી બઇરી પરણી લાવતા જોયા છે !

પણ આપણે અહીં એક જુદીજ બાબત ઉપર બોલવાનું છે. પોતાને મન ગમતી ચીજોના ખાન-પાનના ફુવારા ઉડે છે, તે એટળાં સુધી કે મોહલ્લાના ભીખારી અને ઢોર પણ ધરાઇ જાય—અને તે ખરચ “ બાજ રોજગારને ખાતે ” ઉધારવામાં આવે છે !

આપણ ઇચ્છી શું કે એક મરનારની પાછલ એક વર્ષમાં આપણા જરથોસ્તીઓ ખાનપાન અને મીષ્ટાન ઉપર જે ખરચ કરે છે, તેનો અરધોજ ભાગ મરનારની નૈયતે ગરીબો અને ભુખે મરતાંઓને ઈંજાયલું ભોજન જમાડવામાં, અને કોઇ જાણકાર અશો મોબેદ શોધી કહાડી તેની પાસ ઘટતી ક્રિયા અને ભણુતર ભણાવામાં, ખરચાય. જો જરથોસ્તીઓ પોતે ખાઇપીને તે ખરચ મરનારને ખાતે ચહડાવતા હોય તો તેઓ એક જાતનો ગુનાહ કરે છે. આ દુનિયાંમાં થયલાં કામો, ક્રિયાઓ કે ભણુતરોની જે અસર રવાનને પોહોંચે તે માટે કેટલો ખરચ થતો હશે તેની તપાસ લેવા બેસીએ તો તે ઘણુ કરી નિર્જીવ ખરચમાં આવે. ખરેખર રવાનને મદદ મળે તે માત્ર એક સ્વચ્છ અંત:કરણમાંથી નીકળતા પ્યારના ઉભરાની, તેવા ઉભરા સાથ ભણેલી માંથ્ર વાણીની, અને જો તે રવાનનું ધ્યાન આ દુનિયાંમાં રહેલું હોય તો કાંઇક દરાન મેજની. આ માટે શું સેંકડો રૂપિયાના ખર્ચની જરૂર છે? ખચીત નહીં.

આ માટે નીચલા ઉતારા એરવદ જમશેદજી ફરામજી બચાભાઈ રબાડીની રોવ્યાનની ક્રિયા નામની ચોપડીમાંથી લીધા છે:—

“ વંદીદાદની આઠમી ફર્ગરદની શરેહમાં હરેક છોકરૂ એક દીનથી તે સાત વર્ષની વય સુધીનું ગુજરે, તો તે બચ્ચાંને દીનની સરત મુજબ અવલમંજલ પોહચાડવું . . . અવલમંજલ પોંહચાડયા પછી તે બચ્ચાંની નઇઅતે ત્રીજે દહાડે સરોષની ખશનુમને એક ઇજશને કરાવવાને રેવાએતોમાં ફરમાવ્યું છે અને તે સાથે ત્રણ દીવસ અહવેશરૂથેમ ગેહમાં સરોષનું આફ્રીંગાન તથા સરોષબાજ ઇજાવે તથા ત્રીજી રાતે ઉશહેન ગેહમાં ચાર બાજ ઇજાવે. તેમાં પેહલી રસને આરતાદ, બીજી મીનો રામ, ત્રીજી સરોષ અને ચોથી અરદા-ફરૂવશની, તેની સાથે આપણને મળી આવે તેટલું વસ્ત્ર ઇજાવું જોઇએ. દસમું, માસીસો, કે વરસી કરવાનું ફરમાવેલું નથી.”—[પાનું ૧ લું].

“ જે ઘરમાં રૂવાન થયું હોય ત્યાં તુરત પવિત્ર આતશ રોશન કરવો. વંદીદાદની ૮ મી ફર્ગરદમાં જણાવે છે કે, જ્યાં આદમી ગુજર્યું હોય, ત્યાં સારી ખુશબોદાર ચીજ જેવી કે ‘ ઉરવીશન ’ યાને સુખડ, ‘ વોહુગઓન ’ સારી તરેહનું લાકડું અથવા લોબાન, ‘ વોહુકેરેતી ’ એટલે અગર તથા ‘ હધાનએપત ’ નામની ખુશબોદાર ચીજની ધુંઈ તે ઘરમાં આપવી જોઇએ.

“ ઉપર જણાવેલું ફરમાન ઘણુંજ ફીલસુફી ભરેલું જણાય છે. જે જગોમાં સૂર્યના કીરણો પોહચી શકતાં નથી તે જગો મધેની શરદ હવા દુર કરવા સારૂ આતશ રોશન રાખવો. આતશની ગરમીથી તે જગાની ઝેરી હવા દુર થઇ સ્વચ્છ હવા અંદર આવે છે. અસ્વચ્છ હવાને પવિત્ર આતશ ભશમ કરી નાખે છે.”—[પાનું ૧૨ મું].

“ ખરૂં જોતાં રવાનનો બદલો લેવાનો વખત બામદાદનો છે. તેથી ધારવા પ્રમાણે ઓજીરન કરતાં હોશન ગેહમાં ઉઠમણાની ક્રિયા થાય, એ વધારે બેહતર કહેવાય. પણ જો નીચે મુજબ તે મરનારના ખેશાવંદો, દોસ્ત આશ-નાવો એક ચોકસ જગા ઉપર એકઠા મલી તે સાહેબની શેતાયશ કરીને મર-નારને માટે સીફારસ જાહેર કરવી જોઇએ.

“ આપણા ધર્મ પ્રમાણે અંજુમન મળી એકદીલ થઇ, કોઇ પણ ધર્મની ક્રિયા કરે તો તે ક્રિયાનું કામ ખોદાતાલા વધુ પસંદ કરે છે. તેમજ તે વધારે અસર કરનારી થાય છે.

. . . .

“ તે મરનારના ખેશી તથા દોસ્ત આશનાવોએ તેની નઇઅતે ત્રીજે દહાડે

ઓજીરન ગેહમાં અવસ્તા પઢવા અને પતેત કરવી. પણ મીજલસનો મોટો ભાગ દરેમેહર વીગેરેની જગાએ જઇ બાંકો ઉપર બેશી વાતો કરે છે, જે ધર્મના ફરમાનોથી ઉલટું છે, માટે મીજલસમાં જનારાઓને ઘટે છે કે ત્યાં જઇ કુસ્તી પાદીઆબ કરીને ન્યાએશ અને પતેત કરવી જોઇએ.—[પાનું ૧૬ મું.]

"ઉઠમણાની મીજલસમાં ફુલ વીગેરેનું જે ભણતર કરવામાં આવે છે તેને 'નીરંગે ખુઅદાદન' કરી કહે છે, અને ચાલુ ભાષામાં ધૂપ સારવી કરી કહે છે. ધૂપ સારવાની ક્રિયામાં જે પાઝંદ ભાષાનું ભણતર ભણવામાં આવે છે તે એક બેહેસ્તી રવાનને બેહેસ્તમાં પ્રથમ જતી વખતે જે જે ખુશાલી અને ખુશઓ મળે (તે) અને અગાઉ બેહસ્તી થયલા અશો રવાનો તેને એસ્તેકબાલ લેવા આવે છે તે સઘળા બનાવોની યાદ રાખનારી નીશાનીઓ નમુના તરીકે તે ઠેકાણે દેખાડવા તથા પઢવામાં આવે છે. અને તે મરનારનું રવાન ચેનવદ પુલ ઉપર સરોષની મદદ મેળવે, અને મેહર દાવરની કચેરીમાં તેની છેલ્લી તપાસમાં ફતેહમંદ ઉતરે, તે વિશેની દુવા ચહાવાની મતલબે સરોષની ખુશનુમનથી ધૂપ સારવામાં આવે છે. તેમજ જીવતાંઓને એક બોધ કરવામાં આવે છે કે અંતે સર્વેને મરનારની માફક એક દહાડો આ દુનિયાંમાંથી કુચ કર્યા વગર અને પોતાના કરેલાં કરતુકોનો હીસાબ આપ્યા વગર છુટકો નથી. માટે જેમ બને તેમ આ દુનિયાંમાં નેકીના કામો કરવાં કે જેથી આખરે પસ્તાવું પડે નહીં."—[પાનું ૧૭–૧૮].

"ત્રીજે દહાડે પાછળી રાત્રે (એટલે ઉશહેન ગેહમાં) તે મરનારની નઇઅતે ચાર બાજ ઇજાવવી. તેમાં પેહેલી 'રશને આશતાદની,' બીજી 'મીનો રામ'ની, ત્રીજી 'સરોષ'ની અને ચોથી 'અરદા ફરૂઅશ'ની. છેલ્લી બાજ જોડે સાતે વસ્ત્ર ઇજાવવાં."

"ચોથે દહાડે બામદાદે 'દહમવેરપેશામ'નુ આફરગાન કરાવવું તથા યજશને બાજ ઈજાવવી તથા સ્તુમ પઢાવવું.

"ચેહારામની ક્રિયામાં ચાલુ રેવાજ પ્રમાણે જરથોસ્તી બાનુઓ ચાર મોબેદોને જમાડવાને બહાને ભારે ખરચ કરે છે, પણ એમ ન કરતાં જો ચાર મોબેદોનેજ જમાડે તો ટુકમાં ખરચ થાય અને ખવાડનારનો એતેકાદ પણ સચવાય."—[પાનું ૨૮ મું]

"દશમાને દહાડે તે રવાનની નઇઅતે સરોષ તથા 'અરદા ફરૂવશ'ના દરૂન અને તે સાથે શીઆવનું કપડુ ઇજાવે, અને ઇજશને, ફરોક્ષી, આફરગાન, સતુમ, તે રવાનની નઇઅતે પઢાવે. એ સીવાય બીજુ કાંઇજ ફરમાન નથી."

"રવાનના માસીસા એટલે ત્રીશમે દહાડે સીરોજાની ખુશતુમને 'યજશને' ઇજાવી અને દરૂન કરી, તે ઉપર મેવો, ફ્રુટ મુકીને સીરોજાની બાજ ઇજાવી, અને આફ્રરગાન સ્તુમ પઢાવવું. એ સીવાય બીજુ કશું ફરમાન નથી.

"ત્યાર પછી મહીને મહીને તે રવાનનો દહાડો આવે ત્યારે બાજ, આફ્રરંગાન, સ્તુમ અને બની શકે તો 'યજશને ફરોક્ષી' પઢાવવી."—[પાનું ૩૯]

"છમસીને માટે નકામો ખરચ કરી પૈસા કુમાર્ગે નાખવામાં આવે છે. જ્યારે માસીસા ઉપર યા વરસી ઉપર શીરોજો કરવાનું ફરમાન નથી તો પછી છમસી ઉપર કયાંથી આવ્યું એટલો પણ વિચાર આપણા જરથોશતીઓ નથી કરતા, ને જાણે કે સઘળું દીનમાં ફરમાવ્યું હોય તેમ નાહક નકામો પૈસો ખરચીને ગરીબો માર્યા જાય છે."—[પાનું ૪૦ મું]

"વરસીને દીવસે જે ક્રિયા કરવી તે જેમ ઉપર માસીસાની ક્રિયા કરવાની ફરમાવેલી છે તેજ પ્રમાણે વરસીની પણ કરવી. એ સીવાય બીજુ કશું વધારે કરવાને અવસ્તામાં તો શું પણ રેવાઅતોમાં પણ નથી. માટે સ્યાણા જરથોસ્તીઓએ વરસી ઉપર પણ નકામો ખરચ કરી પૈસા બરબાદ કરવા નહીં જોઇએ."—[પાનુ ૪૦ મું]

આ મત એરવદ રબાડીનુ છે. તે ઉપરથી જોવામાં આવશે કે ગુજર પામેલાં રવાન પાછળ અશોઇથી, પ્યારથી, દીલસોજીથી જે ક્રિયા ભણતર વગેરે થાય, તે સીવાય બીજા ખરચો, મેહેનત અને ઉપકાર કરવા જેવા દેખાવો કરવા તે ફોકટના છે—એટલુંજ નહીં, પણ કેટલીવાર તો તે ગુજરનારના હકમાં ફાયદાને બદલે નુકશાન કરનારા હોય એમ જણાય છે. ક્રિયાને લગતી બાબદો માટે જેટલી આતુરતા બતાવામાં આવે તેટલી ક્રિયા કરનાર લાયક મોબેદ શોધી કહાડવામાં બતાવામાં આવે તો મોટો ફાયદો થાય.

આ વિષય લખવાની મૂળ નેમ એ છે કે જરથોસ્તી ટોળામાં ધર્મને બહાને, સર અવસરે, અને બીજે બહાને હાલ મોજ મજાહ વધી પડી છે. જે મોજમજાહો અસલ તાલેવંતો નહીં ભોગવતા તે હમણા ગરીબ જરથોસ્તીઓ શોધે છે. આથી જરથોસ્તીઓ **ધર્મી—એટલે સાદી અને અશો—**જીંદગી ગુજારતા બંધ પડતા જાય છે. આ ફાની દુનિયાંમાં દુનિયાઈ લાલચો અને મોજ મજાહોમાં વધારે ગરકાવ થવું એ ખુદાથી દુર થવા બરાબર છે. સૃષ્ટિમાં મીનો અને ગેતી બે ધૃવો છે. જો મીનો તરફ જવું હોય તો ગેતીથી દુર થતા જવું; જો ગેતી તરફ જઇએ તો મીનોથી દુર થવુંજ જોઇએ. મીનોઇ જીંદગી એટલે અહુરમજદને લગતી જીંદગી ગુજારવાની દરેક જરથોસ્તીની ફરજ છે, અને તે સાદાઇ અને અશોઇમાં સમાયલી છે. તેમાં

અટકાવ નાખનાર ગોયા અહુરમજદના કામમાં અટકાવ નાખે છે. જે આપણે આગળ જોઈ આવ્યા છીયે.

એક અશો માણુસ કેટલી બધી મીનોઇ શક્તિ ધરાવે છે તેનો ખ્યાલ જેઓ શરિરનાંજ બળને માત્ર જોર ગણુતા હોય તેઓને આવે નહી. શરીરનું બળ માત્ર હેવાની બળ છે—તે તો બલદ અને ઘોડાને પણુ હોય—પણુ મીનોઇ બળ મીનોઇ દુનિયાંમાં જે કામ બજાવે છે તેનો ખ્યાલ સાધારણુ માણુસને આવે નહીં. એવો અશો માણુસ પોતાની સ્વચ્છ મનશકિતને લીધે આ દુનિયાંનાં પીતા જેવો છે—તે ધર્મનું અને ટોળાનું રક્ષણુ કરનાર છે—તે બચાવનાર છે.

ફ્રુમાઓ અસ્તી અપવા વૅરૅથ્રજાઓ વહિશ્તો ફ્રશુશે ચરેકેરેમહી.

હેપતા ગેઉશ્ચા અપંઘહાચા અપઓનસ્ચા અપા વઈર્યોઓસ્ચા સ્તોઇશ.

ઊઇથ્યાઓ વંઘહુદાઓ યેજહે વે પસાનસ્ચા વંઘહાનસ્ચા સાંયનસ્ચા ચરેકેરેમહી.

હેચા ના ફ્રુમાઓ નીશંઘહર તુ હે ઐ બ્યાક્ષયતુ ઉદા અપાચા, વાસ્ત્રાચા ફ્રાશાઇતિચા વિદીષ્યાચા અઇનિતિચા આથ્રાચા અહુરહે મજદાઓ.

"અશો માણુસ આબાદી કરનાર, ફતેહમંદ, તથા સર્વોત્તમ છે. અમો પણુ તેવી અશોઈ ધરાવા ઇચ્છીએ છીએ.

"તે અશો માણુસ અશોઇની પુઠે ચાલવાથી દુનિયાંનો તથા અશો (અહુરમજદ) ની અશોઇની મરજી પ્રમાણે ચાલનારી પેદાએશનો પીતા છે.

"અશો માણુસ ખરેખરૂં ભલું આપનારો છે, જેની મોટાઈ, ખુબી તથા શોભાને તમારામાં અમો ઇચ્છીએ છીએ.

"અશો માણુસ અશોઇથી, ઉદ્યોગથી, સખાવતથી, જ્ઞાનથી, નમ્રતાથી તથા અહુરમજદના આતશથી અમોને હંમેશાં બચાવશે તથા સંભાળશે."

[યજશ્ને, હા ૫૮.]

અલબત એક અશો જીંદગીના જે ફાયદાઓ અત્રે દર્શાવ્યા છે તે અગણીત ફાયદાઓમાંના એટલા થોડા છે કે તેથી આ વિષયને ગોયા ગેરઇન્સાફ થયો છે. પણુ દલગીર છું કે તે સર્વેનું વિગતવાર અને વિસ્તીર્ણુ વર્ણુન કરવાને જેમ મારી અદના કલમ અશકત છે, તેમજ આ વિષય પૂરતો નથી, કે જે વિષય એક નાના ભોમીયા તરીકે જરથોસ્તી ધરોમાં જવાબ દેનાર છે. પણુ એથી કોઇક જરથોસ્તીને આ દુનિયાંના લોભ લાલચથી દુર રહેવાને, અથવા મીનોઈ જીંદગી તરફ તેનું ધ્યાન લઈ જવાને, કોઇ વારબી મદદ કરશે, તો તેથી આપણુ કામ પાર પડેલું સમજીશું.

ચેરાગ પ્રીન્ટીંગ પ્રેસ.

બઝમે જશને રૂઝે અહુરમજદની મંડળી

આ મંડળીની નેમ એ છે કે મંડળીની ઉપજમાંથી અને અનામત વ્યાજમાંથી ઉપજના પ્રમાણ મુજબ મુખ્યત્વે કરી નીચલા ખરચો કરવા (૧) દર હોરમજદ રોજ, ગાહમ્બાર, નવરોજે આમ, નવરોજે (ખોરદાદ સાલ), જમશેદી નવરોજ, મેહેર, આવાં અને આદરગા જશનો, પેગમ્બર અશો જરથોસ્તનો દીસો, અને બીજા પવિત્ર દિવસો કદીમ અને શેહેનશાહી જશનો કરવાં; (૨) જાહેર મકાનોમાં જુદા અભ્યાસીઓ મારફતે જરથોસ્તી ધર્મ અને સંસાર સંબંધી તથા **શાહનામાંના** વાંચણો, વાએજો અથવા ભાષણો અપાવવાં; અને (૩) ધર્મ તથા નીતિ સંબંધી ચોપડીઓ અને ચોપાનિયાં છપાવી પ્રગટ કરવાં અને ઉત્તેજન અર્થે રેસાલા માટે ઈનામો આપવાં, વીગેરે જેમ સ્થાપકની નેક નજરમાં આવે તેમ વ્યવસ્થા કરવી.

વારશીક ફી—રૂપીયા ત્રણ.

આ મંડળી માટે વિદ્વાન શેઠ ખુરશેદજી રૂસ્તમજી કામાના વિચારો.

તા૦ ૨૦ મી સપ્ટેમ્બર ૧૯૦૧ ને વાર શુક્રને દીવસે "બઝમની" તરફથી કરાંચીવાળા એરવદ માણેકજી નશરવાનજી ધાલાએ "આપણા મોબેદોને શું કરવું" એ વિષયપર શેઠ ખુ. રૂ. કામાના સરનશીનપણા હેઠળ ભાષણ આપ્યું હતું. તે બાદ મી૦ ખુ. રૂ. કામાએ "બઝમ" માટે નીચલા વિચાર દર્શાવ્યા હતા, જે તા. ૨૧ મી સપ્ટેમ્બરના જામે જમશેદ ઉપરથી નીચે ટાંકીયે છીયે :—

"મી૦ ખરશેદજી રૂસ્તમજી કામાએ એરવદ ધાલાનો ઉપકાર માનતાં તેવણને એક 'Original thinker' ની ઉપમા આપી જણાવ્યું કે, મી૦ દીનશાહ મેહરવાન ઈરાનીને આવીજ રીતે આવતે વર્ષે પણ હારબંધ ભાષણો આપવાની ઉલટ છુટે તે માટે તમો સર્વેને મારી ભલામણ એવી છે કે, તમો દરેક તેવણની મંડળીમાં મેમ્બર થઈ સામેલ થવું, એટલુંજ નહીં, પણ તેવણની મંડળી માટે તમો દરેકે બીજા પાંચ છ મેમ્બરો લાવી આપવા," વીગેરે.

જે સાહેબોને આ "બઝમ" ના સભાસદ થવાની ખાહેશ હોય તેઓએ મેહેરબાની કરી પોતાનું નામ તથા ઠેકાણું નીચલે ઠેકાણે લખી મોકલવું. વારશીક ફી રૂ. ૩, મોબેદને મોકલી મંગાવી લેવામાં આવશે.

વરશમાં ૧૨ ચોપાન્યાં ભેટ આપવામાં આવશે.

ના. ૧૪૦, પ્રીન્સીસ ડૉક, મુંબઈ.

દીનશાહ મેહરવાનની કું.,
બઝમના સ્થાપક.